**આજનો સુવિચાર**

મહેનતરૂપી સોનેરી ચાવીથી, ભાગ્યનાં દ્વાર ઉઘાડી શકાય છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૬૬ જૂનાગઢ તા.૨૨-૧૦-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 266, Junagadh : Date : 22 October, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## બ્રિક્સ સમીટમાં ભાગ લેવા વડાપ્રધાન રશિયા જવા રવાના પુતીનને મળશે - જિનપીંગ સાથે મુલાકાત શકય




નવી દિલ્હી તા. ૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બ્રિક્સ સમિટમાં ભાગ લેવા માટે રશિયાની મુલાકાતે આજે સવારે રવાના થઈ ગયા છે. બ્રિક્સ સમિટ રશિયાના કઝાન શહેરમાં યોજાઈ રહી છે.

વડાપ્રધાન મોદી છેલ્લા ૪ મહિનામાં બીજી વખત રશિયાની મુલાકાતે છે. અગાઉ તેઓ જુલાઈમાં ભારત-રશિયા સમિટમાં ભાગ લેવા આવ્યા હતા. રશિયા પહોંચ્યા બાદ વડાપ્રધાન મોદી સાંજે BRICS નેતાઓ સાથે ડિનરમાં હાજરી આપશે. અહીં તેઓ રશિયાના રાષ્ટ્રપતિ પુતિનને મળશે. આ સિવાય તેમની અનેક નેતાઓ સાથે અનૌપચારિક વાતચીત થઈ શકે છે.

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, વડાપ્રધાન મોદી બુધવારે બ્રિક્સની બેઠકમાં ભાગ લેશે. બેઠક બે સત્રોમાં થશે. સૌ પ્રથમ સવારે બંધ રૂમમાં ચર્ચા થશે. આ પછી સાંજે ઓપન પ્લેનરી થશે. આ દરમિયાન વડાપ્રધાન મોદી અહીં ઘણા નેતાઓ સાથે દ્વિપક્ષીય વાતચીત પણ કરશે.

ચીનના રાષ્ટ્રપતિ સાથે ૨ વર્ષ પછી શક્ય છે વાતચીત બ્રિક્સ સંમેલન દરમિયાન વડાપ્રધાન મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે વાતચીત થવાની સંભાવના છે. વિદેશ મંત્રાલયે ગઈકાલે જ માહિતી આપી હતી કે, લદ્દાખમાં પેટ્રોલિંગને લઈને ભારત અને ચીન વચ્ચે સમજૂતી થઈ ગઈ છે.

## "દાના' વાવાઝોડાનું એલર્ટ : પશ્ચિમ બંગાળ - ઓરીસ્સામાં ત્રાટકશે : ચાર દિવસ શાળા-કોલેજોમાં રજા

કોલકતા, તા. ૨૨

પૂર્વ-મધ્ય બંગાળની ખાડીમાં સંભવિત ચક્રવાત ધીમે ધીમે તેની તાકાત વધારી રહ્યું છે, જેને 'દાના' નામ આપવામાં આવ્યું છે. આજ સવાર સુધીમાં તે ડીપ પ્રેશર એરિયામાં અને બુધવારે ચક્રવાતમાં ફેરવાઈ જશે. ગંભીર ચક્રવાતમાં પરિવર્તિત થઈને તે ૨૪ ઓક્ટોબરની સવારે બંગાળની ઉત્તર ખાડી સુધી પહોંચશે.

ઓડિશા અને બંગાળ સરકારે એલર્ટ જાહેર કર્યું છે. ભારતીય હવામાન વિભાગે ૨૪ અને ૨૫ ઓક્ટોબરે સંબંધિત વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે પવનની ઝડપ ૯૦ કિલોમીટર પ્રતિ કલાક હોય ત્યારે તેને ચક્રવાત કહેવામાં આવે છે. જ્યારે પવનની ઝડપ ૯૦ થી ૧૨૦ કિમી પ્રતિ કલાક હોય ત્યારે તેને ગંભીર ચક્રવાત કહેવામાં આવે છે. 'દાના'ને લઈને દરિયો તોફાની રહેશે. આવી સ્થિતિમાં માછીમારોને દરિયામાં જવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

## જબલપુરની આર્મી ઓર્ડીનન્સ ફેકટરીમાં પ્રચંડ વિસ્ફોટ : બેનાં મોત : ૧૦ ગંભીર

જબલપુર તા. ૨૨


જબલપુર સ્થિત ઓર્ડિનન્સ ફેકટરી ખમરીયા ખાતે આજે સવારે પ્રચંડ વિસ્ફોટ થયો હતો જેમાં બે કર્મચારીઓનાં મોત થયા છે અને ૧૦ થી વધુ ઈજાગ્રસ્ત થયા છે જેમાંથી બે કર્મચારીઓની હાલત અતિગંભીર હોવાનું જાણવા મળે છે. ફેકટરી મેનેજમેન્ટે ઘટના સ્થળે પહોંચીને તપાસ શરૂ કરી છે. વિસ્ફોટ ફેકટરીનાં એફ-૬ સેકશનની બિલ્ડીંગમાં થયો હતો. ઓર્ડિનન્સ ફેકટરીનાં અધિકારીઓ મીડીયાને કોઈ માહિતી આપી રહયા નથી પરંતુ સુત્રોનાં જણાવ્યા મુજબ ઓર્ડિનન્સ ફેકટરીનાં એફ-૬ સેકશનમાં બોંબ બનાવવાનું કામ ચાલી રહયું હતું તે દરમ્યાન અચાનક વિસ્ફોટ થયો હતો જેમાં પ્રારંભીક અહેવાલોમાં બે કર્મચારીઓનાંમોત થયા હતા. વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે ફેકટરી નજીક આવેલા પાંચ કી.મી.નાં વિસ્તારમાં ભુકંપ આવ્યો હોય તેવી ધણધણાટી લોકોને અનુભવાઈ હતી. અને લોકો ઘરની બહાર આવી ગયા હતા. મૃત્યુઆંક વધશે તેવી આશંકા સેવાઈ રહી છે.

ઈલેકટ્રીક એન્ડ સેલ્સ સર્વિસ
ખૂબજ વ્યાજબી ભાવમાં અને ખૂબજ સારી સર્વિસ
મોહિત ગોહેલ
મો. ૮૮૬૬૭ ૯૫૨૫૪
વિહોત કૃપા
મોટર રીવાઈન્ડીંગ
સ્ટાટર, સબમર્શીબલ પંપ, સેલપ્રાયમીંગ, પંખા, ઓટોલેબલ સેન્સર વગેરે...




શોપ નં.૨, થાણા રોડ, શીતળા કુંડવાળી ગલી, વૃંદાવન એપાર્ટ મેન્ટ, જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
ડો. જતિન એ. ગોંધિયા
BPT/MIAP-GOLD MEDALIST
"ICMR" Research Fellow
ડો. હિરલ જે. ગોંધિયા
BPT/MIAP-TOPPER
મો. ૯૪૦૮૩ ૬૫૪૩૧
પુનર્વસન ફીઝીયોથેરાપી કલીનીક
મો. ૯૮૨૫૮ ૪૬૯૬૪, ૯૪૨૭૬ ૭૭૨૭૭
યશકમલ એપાર્ટમેન્ટ, જાગનાથ મંદિર પાસે, તળાવ દરવાજા, જૂનાગઢ



"Chiropratic"
ગરદન સંબંધિત માથાનો દુઃખાવો ઘટાડવામાં મદદ કરે છે. તમારી મુદ્રામાં સુધારો કરે છે. પીડા ઘટાડે છે અને તમારી કરોડરજ્જુ અને અન્ય સાંધાઓની ગતિની શ્રેણીમાં સુધારો કરે છે. અસ્થિવા જેવી ક્રોનિક સ્થિતિના લક્ષણો ઘટાડે છે. ગરદન અથવા કરોડરજ્જુની નાની ઇજાઓ, ખાસ કરીને વ્હીપ્લેશની સારવાર કરે છે.



"Tera- Herts"
ટેરાહર્ટ્ઝ આવર્તન સામાન્ય શારીરિક કોષોની સમાન આવર્તન પર વાઇબ્રેટ કરે છે, તેથી તે તમારી રોગ પ્રતિકારક શકિતને વેગ આપે છે, કોષોમાં ચયાપચયની પ્રવૃતિમાં વધારો કરે છે, સેલ્યુલર ઓકિસજનેશનમાં વધારો કરે છે તેમજ રકત પ્રવાહમાં વધારા કરે છે.



"Kashya Therapy"
શરીરની ગરમી ઘટાડે છે.
આંખોમાં થતી બળતરા મટાડે છે.
રકત પરિભ્રમણ સુધારે છે.



"Accupressure"
ચોક્કસ ચેતાને ઉત્તેજીત કરવાથી પીડાની સંવેદના ઘટાડવામાં મદદ મળી શકે છે. સંશોધકો એ પણ જોયુ કે એક્યુપ્રેશર સ્ટ્રેસ હોર્મોન કોર્ટિસોલનું સ્તર ઘટાડે છે. તે એન્ડોર્ફિન્સનું સ્તર પણ વધારે છે. જે રસાયણોનું સ્તર પણ વધારે છે. જે રસાયણો છે. જે મુડને વેગ આપે છે. અને પીડાન લાગણી ઘટાડે છે. છેલ્લે, એક્યુપ્રેશર રકત પરિભ્રમણને સુધારી શકે છે.

KHUSHI WELNESS Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આઝીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિતાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પલેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જૂનાગઢ.




C M Y K C M Y K C M Y K

# દિવ્યાંગના નાથ સોમનાથ : સોમનાથ દાદાના સાનિધ્યમાં ત્રિ-દિવસીય દિવ્યાંગ સાધન સહાય કેમ્પનો યોજાયો





**૧૪ જિલ્લાના દિવ્યાંગોને કુત્રિમ અંગો લગાવવામાં આવ્યા : શ્રી સોમનાથ ટ્રસ્ટ અને ભગવાન મહાવીર વિકલાંગ સેવા સમિતિના સંયુક્ત ઉપક્રમે દિવ્યાંગ સહાય કેમ્પ યોજાયો : કુત્રિમ અંગ લગાવવા આવેલ દિવ્યાંગોને સોમનાથ આવવા જવાનું શુલ્ક, રેહવા જમવાની વ્યવસ્થા કરી ઉત્તમ આતિથ્ય અપાયું**

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૨

શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ટ્રસ્ટના ટૂરિસ્ટ ફેસિલિટી સેન્ટર ખાતે ૧૪ જિલ્લાના દિવ્યાંગ લાભાર્થીઓને કુત્રિમ અંગો વિતરણ કરવામાં આવ્યા હતા. પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં શ્રદ્ધાથી શીશ નમાવનાર દરેક ભક્તની મનોકામના ભોળાનાથ જરૂર પૂરી કરે છે. ત્યારે જન-જનના નાથ સોમનાથ મહાદેવની વિશેષ અનુકંપા દિવ્યાંગો પ્રત્યે છે. અને એજ સ્નેહ સાથે દિવ્યાંગ સેવાઓનો ધોરણબદ્ધ રીતે વિસ્તૃત આયોજનો કરવામાં આવે છે. મંદિરની દિવ્યાંગ-પ્રેમી સુવિધાઓ હોય કે ટ્રસ્ટના માનનીય અધ્યક્ષ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ નિયમિત કેમ્પો શ્રી સોમનાથ ટ્રસ્ટ હંમેશાં દિવ્યાંગોની સેવાને પરમ સેવા માનતું આવ્યું છે. જેમની કૃપાથી મૌન વ્યક્તિ બોલી શકે છે અને પગ વગરનો મનુષ્ય પહાડ ચડી શકે છે, હું તે પરમાનંદ માધવ ભગવાનને વંદન કરૂ છું. શ્રદ્ધા અને સેવા સાથે, હરિહર તીર્થ સોમનાથમાં શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આ દિવ્યાંગ સહાય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. "દિવ્યાંગના નાથ સોમનાથ"ના સૂત્ર સાથે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ અમદાવાદ અને જયપુર સાથે સંયુક્ત ઉપક્રમે રાજ્યના વિવિધ ૧૪ જિલ્લામાં પ્રવાસ કરીને ત્યાંના સ્થાનિક વહીવટી તંત્રના સહયોગ લઈને દિવ્યાંગોના નિયત માપ લઈને કુત્રિમ અંગો બનાવવામાં આવ્યા હતા.જે તૈયાર કરેલ અંગો આ વિતરણ કેમ્પમાં દિવ્યાંગજનોને લગાવી આપવામાં આવેલ. આ ત્રિ-દિવસીય કેમ્પમાં અમરેલી, સાબરકાંઠા, કચ્છ, ભાવનગર, પોરબંદર, બોટાદ, આણંદ, અરવલ્લી, જૂનાગઢ, ગાંધીનગર, ખેડા, સુરેન્દ્રનગર, મોરબી, જામનગર, ગીર સોમનાથ જિલ્લામાંથી ૫૦૦ થી વધુ દિવ્યાંગને ૭૦૦ થી કુત્રિમ અંગો લગાવવાનું કાર્ય પ્રારંભ કરવામાં આવેલ. આમ રાજ્યભરના લાભાર્થીઓને સોમનાથ મહાદેવના આશીર્વાદ રૂપે અંગો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા.

# જાફરાબાદ તાલુકાનાં નવી જીકાદરી ગામે પાંચ વર્ષનાં બાળકને સિંહણે ફાડી ખાધો

અમરેલી તા.૨૨

અમરેલી જિલ્લામાં સિંહ અને દીપડાઓની સંખ્યામાં દિન-પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. જંગલ વિસ્તામાંથી સિંહ-દીપડા હવે ગ્રામ્ય વિસ્તારમાં ઘૂસીને શિકાર કરે એ રૂટિન થઈ ગયું છે. પશુઓ સાથે હવે સિંહોના માનવ પરના હુમલા પણ વધી રહ્યા છે. ગતરોજ જાફરાબાદ તાલુકાના નવી જીકાદરી ગામમાં સિંહણે પાંચ વર્ષના બાળકનો શિકાર કરતાં ગ્રામજનોમાં રોષ સાથે ફફડાટ વ્યાપી ગયો છે.

સિંહણના આ હુમલા અંગે મળતી માહિતી મુજબ અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના નવી જીકાદરી ગામમાં સોમવારે સાંજના સમયે રામકુભાઈ ધાખડાની વાડીમાં લાલજીભાઈ જોળિયાનો પરિવાર કપાસ વીણતો હતો અને બે બાળકો બાજુમાં રમતાં હતાં. આ દરમિયાન અહીં અચનાક એક સિંહણ આવી ચડી હતી અને બે બાળકોમાંથી પાંચ વર્ષીય આરુષ લાલજીભાઈ જોળિયાને જબડામાં પકડીને દૂર ઢસડી ગઈ હતી.

પાંચ વર્ષીય આરુષને સિંહણ જડબામાં પકડીને દૂર ઢસડી જતાં સાથે રમતા અન્ય બાળકે બૂમાબૂમ કરતાં કપાસ વીણતા લાલજીભાઈ જોળિયાના પરિવારને જાણ થઈ હતી. જેથી તેમણે તુરંત શોધખોળ હાથ ધરી હતી. જોકે, કપાસના પાકમાં સિંહણ બાળકને લઈને ગાયબ થઈ ગઈ હતી. જેથી લાલજીભાઈ જોળિયાએ તરત વાડી માલિક અને ગ્રામજનોને જાણ કરતાં ગ્રામજનો એકઠા થઈ ગયા હતા. આ બાદ ગ્રામજનોએ જાફરાબાદ રેન્જ વન વિભાગને જાણ કરતા વનવિભાગના આર.એફ.ઓ. સહિત ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને બાળકની શોધખોળ હાથ ધરી હતી. વનવિભાગની ટીમ અને ગ્રામજનોએ બે ત્રણ કલાક શોધખોળ કર્યા બાદ મોડી રાતે બાળકોના માત્ર અવશેષો જ મળ્યા હતા. વનવિભાગે બાળકના અવશેષો એકત્ર કરી જાફરાબાદ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. આ સમગ્ર ઘટનાની જાણ શેત્રુંજી ડિવિઝનના ડીસીએફ જયન પટેલને થતાં તેમણે સિંહણ તાત્કાલિક પાંજરે પૂરવા માટે સૂચનાઓ આપવામાં આવી હતી. જેને લઈને વનવિભાગના કર્મચારીઓ અને અધિકારીઓ દ્વારા ડોક્ટરની ટીમ સાથે મોડી રાતે સિંહણને પકડીને પાંજરે પૂરવા માટે સ્કેનિંગ શરૂ કરવામાં આવ્યું છે.

# ઉના તેલ કૌભાંડની તપાસમાં છીંડા : પુંજાભાઈ વંશ

**પુરાવા વગરના આક્ષેપો અર્થહીન : જીલ્લા કલેકટર : ઉના તેલ કાંડને લઈ કોંગી આગેવાનના આક્ષેપો સામે જીલ્લા કલેકટરના વળતા પ્રહારોથી મામલો ગરમાયો**



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૨

ઉનાના તેલ કૌભાંડનો રાજકોટ ભાજપના મહિલા આગેવાનએ ઉનામાં આવીને વહીવટ પતાવ્યાના ગંભીર આરોપ સાથે તંત્રએ દરોડા પાડેલ તે પુર્વે તોડ કરવા પહોંચેલા ચાર વ્યક્તિઓ કોણ ? આ બધું તંત્રની મિલીભગતથી ચાલતું હોવાના ગંભીર આક્ષેપો ઉનાના પુર્વ ધારાસભ્ય પૂંજાભાઈ વંશે કરી તટસ્થ તપાસ કરવાની માંગ કરી છે. તો બીજી તરફ જીલ્લા કલેકટર જાડેજાએ પણ વળતો પ્રહાર કરી પૂંજાભાઈ માત્ર આક્ષેપો કરે છે જો સત્ય હોય તો પુરાવા રજુ કરવા જોઈએ. બનાવટી કામ કરતા તત્વોની વકીલાત ન કરવી જોઈએ. ઉનામાં ગત તા.૧૦ ઓકટોબરના જીલ્લા કલેકટરને મળેલી બાતમી આધારે ભવાની એન્ટરપ્રાઈઝ નામની ખાદ્ય તેલ મિલ પર દરોડો પાડીને ૩૧ લાખનો શંકાસ્પદ તેલનો જથ્થો સીઝ કર્યો હતો. ત્યાંથી મળેલ માહિતીના આધારે તંત્ર દ્વારા જીલ્લાભરમાં ૧૨ જેટલી પેઢીઓ ઉપર દરોડા પાડીને રૂ.૨.૭૮ કરોડનો શંકાસ્પદ તેલનો જથ્થો સીઝ કરેલ છે. આ મામલે તંત્રની કાર્યવાહી ચાલી રહી છે દરમ્યાન ઉનાના પૂર્વ ધારાસભ્ય પુંજા વંશે તેલકાંડ અંગે મુખ્યમંત્રીને સ્ફોટક પત્ર લખી આજે વેરાવળમાં પત્રકાર પરિષદ યોજીને તંત્રની કાર્યવાહી ને લઈ ગંભીર આક્ષેપો કરતા કહેલ કે, તંત્રના દરોડાની આગલી રાત્રે ચાર વ્યક્તિઓએ ભવાની પેઢીના સ્થળે પહોંચીને ૧૫ લાખની માંગ કર્યા બાદ ૪ લાખમાં સમાધાન કરેલ અને આ સમયે એસઓજી બ્રાન્ચનો એક કર્મચારી પણ ત્યાં સ્થળ પર પહોંચ્યો હતો. તો આ વ્યક્તિઓ કોણ ? દરોડામાં મોટી માત્રામાં ખાદ્ય તેલનો જથ્થો સીઝ કર્યો હોવા છતાં જીલ્લા કલેકટરે ફુડ વિભાગને સેમ્પલ લેવાની મનાઈ શું કામ કરી છે ? આ તેલ કાંડને લઈ રાજકોટ ભાજપના મહિલા આગેવાને ઉનામાં આવીને વહીવટ પતાવ્યાનો ગંભીર આરોપ પણ લગાવ્યો હતો. આ મામલે મુખ્યમંત્રી તપાસ કરાવી પગલાં લે તેવી માંગ કરી હતી. આ મામલે જીલ્લા વહીવટી તંત્ર પર ગંભીર આક્ષેપોને લઈ જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ જણાવેલ કે, માત્ર આક્ષેપો કરવા સરળ છે. પુરાવા વગરના આક્ષેપોનો કોઈ અર્થ નથી. પૂંજાભાઈએ પુરાવા રજુ કરવા જોઈએ. નહીં કે આવા બનાવટી કામ કરતા તત્વોની વકીલાત. આ કેસ ભેળસેળનો નથી. ફુડ સેફટી એકટ મુજબ રીયુઝડ ડબ્બા વાપરવાનો કેસ છે. જેની જોગવાઈ ફૂડના કાયદામાં હોય તે મુજબ કેસ દાખલ કરી ચલાવવામાં આવશે. દરોડા દરમ્યાન જ્યાં શંકા લાગી છે ત્યાં નમુનાઓ પણ લેવામાં આવ્યા છે. કૌભાંડની કાર્યવાહી નિયમ મુજબ કરવામાં આવી રહી છે.

# કેશોદના નોઝણવાવ ગામનાં ખેડુતોએ તંત્ર સમક્ષ સહાયની માંગણી કરી



(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૨૨

કેશોદ પંથકમાં કમોસમી વરસાદ પડતાં ખેડૂતોના પાકને ભારે નુકશાન થયું છે ત્યારે નોઝણવાવ ગામનાં ખેડૂતો દ્વારા લેખિતમાં નાયબ કલેકટર અને મામલતદાર સમક્ષ આવેદનપત્ર આપી રજુઆત કરી હતી કે ખેતરોમાં મગફળી સોયાબીનતથા મગફળી પાક તૈયાર થઈ ગયો હતો એવામાં કમોસમી વરસાદ પડતાં પાકને ભારે નુકશાન થયું છે અને ઘાસચારો પણ બગડી ગયો છે. ખેડૂતોની મહેનત માથે પડી છે અને બિયારણ દવા ઉપરાંત ખેતમજૂરીની રકમ કમોસમી વરસાદ સાથે ધોવાઈ જતાં ખેડૂતો દેવદાર બની ગયા છે જેથી સરકાર દ્વારા અમોને સહાય ચુકવવામાં આવે એવી રજુઆત કરી હતી. કેશોદના નોઝણવાવ ગામનાં ખેડૂતો દ્વારા શિયાળું પાક લેવા માટે જરૂરી વહીવટી પ્રક્રિયા ઝડપથી પુર્ણ કરવામાં આવે તો ખેડૂતો પોતાના ખેતરમાં બગડી ગયેલ મગફળી સોયાબીન દુર કરી શકે એ માટે પણ નાયબ કલેકટર અને મામલતદાર ને મૌખિક રજુઆત કરી હતી. કેશોદના નોઝણવાવ ગામનાં દોઢસો જેટલાં અસરગ્રસ્ત ખેડૂતો કેશોદ તાલુકા સેવા સદન ખાતે દોડી આવી જવાબદાર અધિકારીઓ સમક્ષ પોતાની આપ વીતી રજુ કરી તાત્કાલિક અસરથી સહાય આપવા માંગણી કરી હતી. કેશોદના નાયબ કલેકટર અને મામલતદાર દ્વારા નોઝણવાવ ગામનાં ખેડૂતોની લાગણી અને માંગણી સરકાર સુધી પહોંચાડી આપવાની ખાત્રી આપી હતી. કેશોદ પંથકમાં છેલ્લાં પંદર દિવસથી પડતાં છુટા છવાયા ભારે અતિભારે વરસાદને કારણે ખેડૂતોને નુકસાની વેઠવાની પરિસ્થિતિ નિર્માણ થયેલ છે ત્યારે રાજય સરકાર દ્વારા આર્થિક સહાય આપી ખેડુતોને આર્થિક બોજામાંથી મુક્ત કરવામાં આવે છે કે કેમ એ તો આવનારા દિવસોમાં ખબર પડશે.

# કેશોદ પંથકમાં ખેતરોમાં મગફળીના તૈયાર પાક પર આફત વરસતાં ખેડુતોની માઠી



(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૨૨

કેશોદ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં સરેરાશ ત્રણ ઈચ થી પાંચ ઈચ જેટલો વરસાદ પડતાં ખેતરોમાં મગફળીના પાકને પારાવાર નુકસાન થયું છે. ઘેલીચિત્રા નક્ષત્ર ભેસના વાહન સાથે દશમી ઓક્ટોબરથી બેસતાં વાતાવરણમાં પલટો આવ્યો હતો અને લગભગ દરરોજ બપોર પછી પડતાં વરસાદથી કેશોદ પંથકમાં ખેતરોમાં મગફળીના તૈયાર પાક પર આફત વરસતાં ખેડુતોની માઠી બેઠી છે ત્યારે ખેડૂતોની મગફળી જે જમીનમાંથી બહાર કાઢવામાં આવી છે એવા ખેડૂતોને મગફળીના પાથરા પલળી જતાં ફુગાઈ ગયેલ છે તો અમુક વિસ્તારમાં તણાઈ ગયેલ છે; ઉપરાંત મગફળીના દાણામાંથી કોટા ફુટી જતાં ગુણવત્તા ઘટી ગઈ છે જે માત્ર સીંગતેલમાં પીલાણમાં વેચાઈ એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. કેશોદના આસપાસના વિસ્તારમાં વરસાદને કારણે મગફળીના પાકને નુકસાન થવાની સાથે જીવજંતુઓનો ઉપદ્રવ વધી જતાં આકસ્મિક ઘટના બનવાની સંભાવના વધી ગઈ છે. ખેતરોમાં મગફળી કાઢી લીધાં બાદ વરસાદ આવતાં ખેતરોમાં પાણી ભરાઈ જવાથી જમીનમાં રહેલી મગફળી કાઢવા ટ્રેકટર કે અન્ય વાહનો ઉપયોગ થઈ શકે એમ નથી ત્યારે બળદો મારફતે ખેતીકામ જુજ ખેડૂતો કરી રહ્યાં છે એવામાં જમીનમાં રહેલી ઘણીખરી મગફળી સડી જવાની સંભાવના વધી રહી છે. ઘેલીચિત્રા નક્ષત્ર ભેસના વાહન સાથે વાયુમંડળમાં ન ધાર્યું નુકસાન કરી રહેલ છે દરિયા કિનારે ગ્લોબલ વૉર્મિંગ બાદ વાતાવરણમાં અને ઋતુ ચક્રમાં થયેલા ફેરફારથી જે નુકસાન ઉભું થયું છે એમાં સર્ટિફાઈડ સુધરેલા બિયારણોથી વાવેતર કરી ઝડપી અને વધુ ઉત્પાદન મેળવવા કરેલા અખતરાઓ પડ્યા પર પાટું બરાબર સાબિત થયું છે. કેશોદના અજાબ અગતરાય મેસવાણ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં કમોસમી વરસાદની અસર વધારે જોવા મળી છે અને ઉપરવાસમાં ભારે વરસાદને કારણે સાબળી નદી અને ઓઝત નદીમાં પાણીની આવક વધી જતાં પુર આવી ગયેલ છે. કેશોદ આસપાસના વિસ્તારમાં કમોસમી વરસાદ પડતાં પરપ્રાંતીય શ્રમિકો ખેતમજુરીનું કામ નહિવત હોય પરત વતન તરફ ફરી રહ્યાં છે ત્યારે ખાનગી બસ ચાલકને ઘી કેળાં છે તંત્રની મીઠી નજર તળે ઘેટાં બકરાંની જેમ ઠાંસોઠાંસ ભરીને ગરીબ શ્રમજીવીઓનું શોષણ કરી રહ્યાં છે. છેલ્લા પંદરેક દિવસથી પડી રહેલા કમોસમી વરસાદથી મગફળી સોયાબીન તલના પાકની પારાવાર નુકસાનીનો ભોગ બનેલાં ખેડૂતો ઉપર આકાશમાં નજર કરી હવે ખમૈયા કરોની પ્રાર્થના કરી રહ્યાં છે.

# રાજકોટ જિલ્લામાં "વિશ્વ આયોડીન ડેફિસિયન્સી ડે"(આયોડીન ઉણપ દિવસ)ની ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૨

વિશ્વમાં દર વર્ષે ૨૧ ઓકટોબરના રોજ "વિશ્વ આયોડીન ડેફિસિયન્સી ડે" (વિશ્વ આયોડીન ઉણપ દિવસ) મનાવવામાંઆવે છે, ત્યારે રાજકોટ જિલ્લામાં પણ આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવ્હાણેના માર્ગદર્શન હેઠળ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. પી.કે. સિંઘ તથા જિલ્લા પંચાયતની આરોગ્ય વિભાગની ટીમ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજીને આ દિવસ ઉજવાયો હતો. આ નિમિત્તે રાજકોટ જિલ્લાના ૫૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૧૨-અર્બન આરોગ્ય કેન્દ્રો, અને ૨૯૩-આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે તેમજ શાળાઓમાં કાર્યક્રમ, જાહેર સ્થળોએ બેનર, પોસ્ટર, પેમ્ફલેટ માઈક દ્વારા પ્રચાર પ્રસાર, તેમજ સોશ્યલ મીડીયા દ્વારા "વિશ્વ આયોડીન ડેફિસિયન્સી ડે"નો પ્રચાર-પ્રસાર કરી લોકજાગૃતિ લાવવા પ્રયાસ કરાયો હતો. નોંધનીય છે કે, આ દિવસ ઉજવવા પાછળનો મુખ્ય હેતુ આયોડીન (મીઠા) ના ઉપયોગની જરૂરિયાત વિશે જણાવવું અને મીઠાની ખામી બાબતે જાગૃતિ લાવવાનો છે. સમગ્ર વિશ્વમાં મીઠાની ખામીના કારણે વૈશ્વિક સ્વાસ્થ્ય સમસ્યા બની છે. આજે વિશ્વમાં કુલ વસ્તીના ત્રીજા ભાગની વસ્તીને મીઠાની ઉણપના લીધે બિમારીઓનું જોખમ વધી ગયું છે. ડબલ્યુ.એચ.ઓ.ના જણાવ્યાં અનુસાર આજે પણ ૫૪ દેશોના લોકોમાં મીઠાની ઉણપ વર્તાય છે. મીઠું સુક્ષ્મ પોષક તત્વ છે, જે મનુષ્યની વૃદ્ધિ અને વિકાસ માટે જરૂરી છે. આયોડિન એક એવું તત્વ છે જેની જરૂરિયાત શરીરમાં ઘણી ઓછી છે, પણ તેનું મહત્વ ઘણું વધારે છે. શરીરમાં હૃદયની ક્ષતિરહિત કામગીરી, નર્વ ઈમ્પલ્સ અને શરીરનો વિકાસદર તથા ચયાપચયની ક્રિયાના નિયમન માટે આયોડીન જરૂરી છે. પુખ્ત વયની વ્યક્તિના શરીરમાં ૫૦ મિલિગ્રામ જેટલું આયોડીન હોય છે. જેમાંથી ૮ મિ.ગ્રા. આયોડિન થાઈરોઈડ ગ્રંથિમાં હોય છે. થાઈરોઈડ ગ્રંથિનું વજન શરીરના વજનના માત્ર ૦.૦૫% હોય છે. આયોડિન જરૂરિયાતની પૂર્તિ ખોરાકમાંથી (અનાજ અને ધાન્ય) માંથી થાય છે. જો પૂરતા પ્રમાણમાં આયોડિન ન મળે તો થાઈરોઈડ ગ્રંથિના કાર્ય ઉપર સીધી અસર થાય છે. આયોડિનની ઉણપથી ગોઈટર (થાઈરોઈડ ગ્રંથિ ફૂલી જવી) રોગ થાય છે. આમ આયોડીનનું મહત્ત્વ સમજીને લોકો તેના વિશે જાગૃત બને તેવા હેતુસર આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

# દ્વારકામાં સક્રિય સદસ્યતા અભિયાન અંતર્ગત ફોર્મ જમા કરાવતા આગેવાનો



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૨

સક્રિય સદસ્યતા અભિયાન અંતર્ગત દ્વારકા શહેર મંડળ દ્વારા ૫૦ સક્રિય સભ્યો અને દ્વારકા તાલુકા મંડળ દ્વારા ૨૩ સક્રિય સભ્યોના ફોર્મ ભરી અને એક દિવસમાં પૂર્ણ કરી જિલ્લા કાર્યાલય ખાતે દ્વારકા શહેર મંડળ પ્રમુખ વિજયભાઈ બુજડ, ભીમજીભાઈ કણજારીયા અક્ષયભાઈ બારાઈ અને વિમલભાઈ ચૌહાણ દ્વારા જિલ્લા અધ્યક્ષ મયુરભાઈ ગઢવી તેમજ જિલ્લા મહામંત્રી અને અભિયાનના જિલ્લા સંયોજક રસિકભાઈ નકુમને સક્રિય સભ્યના ફોર્મ જમા કરાવ્યા હતા.

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી. ફ્રીઝ. A/C, વોશીંગ મશીન. ઘરઘંટી. હોમથીએટર. DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ઉધઈ થી બચો
આપના મકાનમાં ઉધઈ માટે પ્રેસ્ટ કન્ટ્રોલ પધ્ધતિથી ઈન્જેકશનો દ્વારા કામ કરી આપીશું : ૧૦ વર્ષની ગેરંટી
સંજયભાઈ
મો.૯૯૭૮૭ ૧૦૧૫૦

• હરકયુલિસ સાયકલ • કોરાડો સાયકલ
• હીરો સાયકલ • બ્રિટીશ ઈગલ સાયકલ
• બીએસએ સાયકલ • ફન રાઈડ ટ્રાસીકલ
• વિકટર ૯૧ સાયકલ • દાસ સાયકલ
• હિલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેકસી ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

### પેકેજડ સ્વરૂપે વેચાતી ચીજવસ્તુઓનાં નિયમન અને જાણકારી ગ્રાહકને હોવા આવશ્યક

# પેકેજડ કોમોડીટીઝના ખરીદ-વેચાણના વ્યવહારોમાં ગ્રાહકોના હિતોની જાળવણી અને રક્ષણ થાય તે માટે સરકારે પેકેજડ કોમોડીટી નિયમો બનાવ્યા

જૂનાગઢ, તા.૨૨

બજાર વિ્યવસ્થારમાં હરીફાઈ હોવાથી ઉત્પા દકો પોતે પોતાની બ્રાન્ડો નેમ હેઠળ ચીજ વસ્તુષઓનું પેકેજડ કોમોડીટી તરીકેનું વેચાણ કરવા પ્રેરાય છે. આવા સંજોગોમાં બજારમાં પેકેજડ કોમોડીટીઝના ખરીદ-વેચાણના વ્યતવહારોમાં ગ્રાહકોના હિતોની જાળવણી અને રક્ષણ થાય તે માટે ભારત સરકારે પેકેજડ કોમોડીટી રૂલ્સુ અમલમાં મુકેલ છે. આમ કોઈપણ વસ્તુયનું ગ્રાહકની ગેરહાજરીમાં પેકીંગ થાય તો તે પેકેજડ કોમોડીટી તરીકે ઓળખાય છે. જીવન જરૂરીયાતની લગભગ ઘણીખરી ચિજ-વસ્તુપઓ સાંપ્રત સમયેમાં પેકેજના સ્વકરૂપમાં બજારમાં ઉપ્લતબ્ધં થતા હોવાનું જણાય છે.

રાજ્યકક્ષાએ લીગલ મેટ્રોલોજી એકટ તેમજ પેકેજીંગ કોમોડીટી રૂલ્સે – ૨૦૧૧નો અમલ ગુજરાત રાજ્યે અન્ને, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ હેઠળ નિયંત્રક, કાનુનીમાપ વિજ્ઞાનને સોંપવામાં આવેલ છે. આ કાયદા હેઠળ દરેક પેકેજડ કોમોડીટીના પેકેજ, રેપર, ટીન ઉપર સામાન્યા રીતે નિયમ-૬ હેઠળ પેકીંગ કરેલ ચીજવસ્તુાનું નામ, ઉત્પાંદક, પેકરનું નામ, સરનામું, ઉત્પા દન , પેકીંગ કરેલ ચીજ વસ્તુેનો માસ/વર્ષ, પેકીંગ કરેલ ચીજ વસ્તુનું નેટ વજન/નંગ, મહત્તમ છૂટક વેચાણ કિંમત (તમામ કરવેરા સહિત), કસ્ટમર કેર નંબર આમ પાંચ નિર્દેશનો દર્શાવવા ફરજીયાત છે. વધુમાં કોઈપણ પેકેજ ઉપર ઉત્પાકદક દ્વારા છાપેલી એમ.આર.પી. કરતાં વધારે ભાવ લેવો તે કાયદેસર ગુનો બને છે. હાલમાં જિલ્લા કલેકટર-જુનાગઢ અનિલ રાણાવસીયાની સુચના અને માર્ગ દર્શન અનુસાર આ કચેરી દ્વારા વિવિઘ ખાદ્ય પદાર્થ વિક્રેતાઓની તપાસણી કરવામાં આવેલ અને ઉપરોકત જોગવાઈઓનો ભંગ કરનાર વેપારીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે અને ભવિષ્યમાં પણ આ કાર્યવાહી ચાલુ રહેશે.જેમાં ગ્રાહકે કેટલીક તકેદારી દાખવવી જરૂરી છે. જેમ કે વજનનાં નીચેના ભાગે હોલમાં તોલમાપ નિરીક્ષક દ્વારા છાપ લગાવેલી હોય છે. જેમાં ચકાસણી કર્યાનું વર્ષ તથા ત્રિમાસ દર્શાવેલ હોય છે. ચાલુ વર્ષ અને ત્રિમાસ હોય તો વજન સાચુ કહી શકાય છે દુધના પાઉચ, પાણીની બોટલ, કોલ્ડ ડ્રીંકસ કે કોઈ પણ વસ્તુ ઉપર છાપેલી કિંમતથી વધારે લેવી તે ગુન્હો બને છે. છાપેલ કિંમત તમામ કરવેરા સાથેની મહત્તકમ કિંમત છે. પેકેટ ઉપર મેન્યુત. / પેકરનું નામ/ સરનામું, વસ્તુમનુ નામ, નેટ જથ્થો, મહત્તનમ વેંચાણ કિંમત (તમામ કરવેરા સાથે), પેકીંગ કર્યા માસ/વર્ષ, કન્ઝતયુમર કેર નંબર ત્થાથ અન્યી જરૂરી વિગતો હોવી જરૂર છે. એક વખત છાપેલી કિંમતમાં ઉત્પાદક , રીટેઈલર દ્વારા ફેરફાર થઈ શકે નહીં, પેકેટ ઉપર છાપેલી કિંમત કરતા કોઈ વધારાનો ચાર્જ લઈ શકાય નહીં, ગારમેન્ટર, હોઝીયરી, ગરમ કપડા, વિગેરેના પેકેટ ઉપર નિર્દેશનો જરૂરી છે, જથ્થાંબંધ વેંચાણના પેકેટ ઉપર ઉત્પાદક, પેકરનું નામ સરનામું, વસ્તુટનું નામ, કુલ જથ્થો. વિગતો હોવી જરૂરી છે. જો નિયમોનું ઉલ્લંઘન થતુ જણાય તો જુનાગઢ જિલ્લામાં જુ.નિરીક્ષક વિભાગીય કચેરીમાં, જિલ્લાફની મદદનીશ નિયંત્રકશ્રીની કચેરીમાં તથા રાજય સ્તમરે નિયંત્રકશ્રી કાનુની માપ વિજ્ઞાનની કચેરી ખાતે ફરીયાદ કરી શકાય છે. વધુમાં, સરકારના ટોલ ફ્રી નંબર ઉપર ફરિયાદ કરી શકાય છે. કલેકટરનાં માર્ગદર્શન હેઠળ સમયાંતરે આકસ્મીક તપાસણી (સામુહિક ઓચિંતી તપાસ)નું આયોજન કરી બજારમાં ફરસાણ, મીઠાઈ, ડેરી પ્રોડક્ટ, ઠંડા પીણા, સોની, અનાજ કરિયાણા સહિતના અન્ય દુકાનદારોની દુકાનો ઉપર મદદનીશ નિયંત્રક કાનૂની માપ વિજ્ઞાન જુનાગઢ તોલમાપ વિભાગની ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવે છે. તપાસમાં ગ્રાહકો પાસેથી છાપેલી કિંમત કરતા વધુ કિંમત વસુલનાર દુકાનદારો તેમજ વજન માપના કાંટા સાધનોની સમય મર્યાદામા ચકાસણી મૂલ્યાંકન નહીં કરાવનાર દુકાનદારો, હોટલ મેનુ કાર્ડ નિયમ મુજબ નિભાવેલ ના હોય, વજન કરતા ઓછું આપનાર વેપારીઓ વગેરે સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે. કાનુની માપ કોમોડીટીને લગતી વિવિધ પ્રકારોની તોલમાપમાં ગેરરિતીને લગતી તથા પેકેજડ કોમોડીટિને લગતી વિવિધ ફરિયાદોની તપાસ અને દંડનીય કાર્યવાહી કરવામાં આવે છે. સામાન્યી રીતે વજનમાં ઓછું અપાયેલ, પેકેજ ઉપર છાપેલ કિંમત કરતા વધુ ભાવ, પેકેજડ ઉપર જરૂરી નિર્દેશનો ન હોવા બાબતની વિવિધ ફરિયાદોનો સમયસર નિકાલ કરવામાં આવે છે.

ગ્રાહકોને કોઈપણ પ્રકારે તોલમાપમાં ગેરરીતિ કે પેકેજડ કોમોડીટિમાં કોઈ ફરિયાદ હોય તો જિલ્લા અને તાલુકા કક્ષાએ વ્યવસ્થા તંત્ર ગોઠવવામાં આવેલ છે. જ્યાં તે ફરિયાદ કરી શકે છે તેમજ હેલ્પલાઈન નંબરઃ ૧૮૦૦-૨૩૩-૦૨૨૨ ઉપર પણ પોતાની ફરિયાદ નોંધાવી શકે છે. કોઈપણ ગ્રાહક ભાવ વધારો, વજનમાં ઓછું જેવી ફરીયાદો અત્રેની કચેરીને **National Consumer Helpline (Ingram)** પોર્ટલ મારફત તથા લેખીત અત્રેની કચેરીના સરનામે કરી શકે છે. વધુમાં, અત્રેની કચેરીના ઈ-મેઈલઃ **aclm-jun@gujarat.gov.in** તથા ફોન નં. (૦૨૮૫) ૨૬૩૦૧૩૪ પર પણ કરી શકે છે. તોલમાપમાં ગેરરિતીને લગતી તથા પેકેજડ કોમોડીટિને લગતી વિવિધ ફરિયાદો માટેઃ **https://dcs-dof.gujarat.gov.in/register-complain** તેમ મદદનીશ નિયંત્રક કાનુની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા કચેરી અને જિલ્લા પૂરવઠા અધિકારીશ્રી જૂનાગઢની યાદીમાં જણાવાયુ છે.

# વિદેશની ધરતી કેલીફોર્નિયામાં ભારતિય જ્ઞાન-સત્યનાં વાહક સતોલોજી આદિત્ય ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. મુલાકાતે

### દેશ અને દુનિયા ભારતીયસત્ય પરંપરાને અનુસરે અને ભારતીય જ્ઞાન અને સંસ્કૃતિનું યુવાપેઢીમાં સિંચન થાય એવી સતોલોજી વિચારધારા : પ્રો.(ડો.) ચેતન ત્રિવેદી



જૂનાગઢ, તા.૨૨

ભારતીય ટાન પરંપરાનો વિશ્વનાં ખુણે ખુણે પ્રચાર-પ્રસાર થાય અને વિશ્વ સત્ય અને શાંતિનાં માર્ગે સુખ સભર ધબકતુ રહે એવી વાત સાથે કેલીફોર્નિયા ખાતે વસતા સતોલોજી આદિત્ય જૂનાગઢનાં તિર્થદર્શન પ્રવાસે પધાર્યા ત્યારે તેમણે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ની સૌજન્ય મુલાકાત લીધી હતી. શ્રી સતોલોજી આદિત્ય કેલીફોર્નિયાની ત્રણ યુનિ.માં બોર્ડ મેમ્બર તરીકે સેવારત છે. તેઓએ અત્યાર સુધીમાં અમેરીકામાં રહી ભારતિય જ્ઞાન સત્ય પરંપરા ઉપર ૧૬ જેટલા પુસ્તકોનું સંપાદન કર્યુ છે. જેમાથી ત્રણ પુસ્તકોનું સંપાદનકાર્ય બેસ્ટ સેલર તરીકે ગણનામાં રહ્યા છે.

સતોલોજી આદિત્યએ યુનિ.ની સૌજન્ય મુલાકાત વેળાએ વાત કરતા જણાવ્યુ હતુ કે સત્યને સમજવા, સત્યને પામવા પ્રત્યેક પરમાર્થી તનતોડ પુરુષાર્થ કરતો હોય છે. પણ સત્ય-અસત્યની યથાર્થ ભેદરેખા નહીં સમજાવાથી ગુંચવાડામાં જ અટવાઈ જાય છે. સંસાર સુખની ખેવના છે ત્યાં સુધી વ્યવહાર સત્યની નિષ્ઠા ને અસત્યની ઉપેક્ષા જરૂરી છે..કોઈ જીવને વાણીથી દુઃખ ના થાય, વર્તનથી દુઃખ ના થાય અને મનથી પણ એને માટે ખરાબ વિચાર ના કરાય. એ મોટામાં મોટું સત્ય છે. સત્ય-પ્રિય-હિતકર ને મિત, ચાર ગુણાકાર થાય તો જ સત્ય કહેવાય છે.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિનાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીએ સતોલોજી આદિત્યને ભારતિય પરંપરા મુજબ પુષ્પ, શાલ અર્પણ કરી યુનિ.માં આવકાર્યા હતા. કેલીફોર્નિયા અને અમેરીકા ખાતે વસવાટ કરી ભારતીય જ્ઞાન પરંપરાનું સતોલોજી પ્રચાર-પ્રસાર કરી વિશ્વ શાંતી અને સત્યનાં મુલ્યોને સમજાવી રહ્યાની વાતને બિરદાવી ત્રિવેદીએ શ્રી આદિત્ય સાથે સંકલનમાં રહી ભવિષ્યમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. અને કેલિર્ફોર્નિયાની યુનિ. સાથે શૈક્ષણિક સેવાસતુ બની આદાન પ્રદાન કરવાની મહેચ્છા વ્યક્ત કરી હતી.સતોલોજી આદિત્યને ભકતકવિ નરસિંહ મહેતા યુનિ.નાં ૧૧ જેટલા વિદ્યાભવનો અને યુનિનાં કાર્યક્ષેત્રીય કોલેજોમાં ચાલતા અભ્યાસ માળખાની છણાવટ કરી જાણકારી આપી હતી. સતોલોજી આદિત્યએ પ્રતિભાવાત્મક વાત કરતા કહ્યુ હતુ, કે આજે ભારતીય યુવાધન મોબાઈલ ટેકનોલોજીની આંધળીદોટ અને પશ્ચિમી સંસ્કૃતિનું આંધળુ અનુસરણ કરી રહ્યો છે ત્યારે કેલીફોર્નિયા અને અમેરીકા જેવા વિકસીત રાષ્ટ્રનાં યુવાઓ હવે ભારતિય સત્યનિષ્ઠા, આપણી જ્ઞાન પરંપરા અને વિશ્વશાંતિ પરત્વે ભારતિય જ્ઞાન અંગે રસ કેળવતા થયા છે.સતોલોજી આદિત્યએ ભકતકવિ નરસિંહ મહેતા યુનિ.ની શૈક્ષણિક પ્રવૃતિની વિગતો જાણી ખુશી વ્યક્ત કરી યુનિ.નાં કુલપતિ અને અધ્યાપક ગણને બિરદાવ્યા હતા.

# શ્રી કષ્ટભંજનદેવનો ૧૭૬માં વાર્ષિક પાટોત્સવ ધામધુમ પૂર્વક ઉજવાયો



સાળંગપુર, તા.૨૨

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજીની પ્રેરણા અને કોઠારીશ્રી વિવેકસાગર સ્વામીના માર્ગદર્શનથી શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજનો ૧૭૬મો વાર્ષિક પાટોત્સવ નિમિતે તારીખઃ૨૧-૨૦-૧૦-૨૦૨૪ને સોમવારના રોજ શ્રીકષ્ટભંજનદેવને ગુલાબના ફુલોનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. સવારે ૫ઃ૦૦ કલાકે મંગળા આરતી પ.પૂ.પુરાણી સ્વામી શ્રી વિષ્ણુપ્રકાશદાસજી દ્વારા, ૭ઃ૦૦ કલાકે શણગાર આરતી પ.પૂ શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી દ્વારા તેમજ અભિષેક અને અન્નકૂટ આરતી વડતાલ દેશ પિઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી દ્વારા કરવામાં આવી હતી.ત્યારબાદ મારુતિયજ્ઞી પૂર્ણાહુતિ બપોરે કરવામાં આવી હતી.

આજે દેશ વિદેશમાંથી આવતા લાખો શ્રદ્ધાળુઓના હૃદયના હાર એવા શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજનો ૧૭૬મો વાર્ષિક પાટોત્સવ છે ત્યારે પરમકૃપાળુ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી, વડતાલ દેશ પિઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીનાં શુભ આશીર્વાદથી અને પ.પૂ.ગુરૂવર્ય શ્રી અથાણાવાળા સ્વામીનાં આશીર્વાદથી એવં પ.પૂ. સ.ગુ. પુરાણી શ્રી વિષ્ણુપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા) એવમ્ પ.પૂ.સ.ગુ.કો.શા.શ્રી સંતવલ્લભદાસજી સ્વામી-મુ.કો.શ્રી- વડતાલની પ્રેરણાથી શ્રી કષ્ટભંજનદેવનો ૧૭૬મો વાર્ષિક પાટોત્સવ સંવત્ ૨૦૮૦ના આસો વદ-૫, તા.૨૧-૧૦-૨૦૨૪, સોમવારના રોજ ધામધૂમથી ઉજવાયો હતો.

પરમ પૂજ્ય શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા)ના વકતા પદે ત્રિદિનાત્મક "શ્રી હનુમંત ચરિત્ર કથા'નું આયોજન તા. ૧૯-૧૦-૨૦૨૪ શનિવાર થી. ૨૧-૧૦-૨૦૨૪, સોમવાર દરમ્યાન રાખવામા આવી હતી. સમગ્ર મંદિર પરિસરને સુશોભન તેમજ રોશનીથી શણગારવામાં આવ્યું હતું.

આજે કરાયેલા શણગાર અંગે પૂજારી સ્વામીએ જણાવ્યું કે, આજે દાદાના ૧૭૬માં પાટોત્સવ નિમિત્તે હનુમનાજીને વૃંદાવનમાં ૨૦ દિવસની મહેનતે તૈયાર થયેલા પ્યોર સિલ્કના વાઘા પહેરાવ્યા છે. દાદાના સિંહાસને ૨૦૦ કિલો ગુલાબ, ઓર્કિડ અને સેવંતીના ફુલનો શણગાર કરાયો છે. આ શણગાર કરતાં ૬ સંતો, પાર્ષદ અને ભક્તોને ૪ કલાકનો સમય લાગ્યો હતો.

આ પ્રસંગે પરમ પૂજ્ય મહારાજ એવમ્ સદ્ગુરૂ સંતોના વરદ્ હસ્તે અભિષેક પાટોત્સવ તથા મારૂતિયજ્ઞમાં શ્રીફળ હોમવાની વિધિ સંપન્ન થઈ હતી તથા શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાના દિવ્ય દર્શન, અભિષેક, અન્નકૂટ, યજ્ઞદર્શન, કથા શ્રવણ એવં બ્રહ્મનિષ્ઠ સંતોના દર્શન-આશીર્વચન એવં મહાપ્રસાદનો લાભ સૌ પ્રેમીભકતો પરિવાર સહિત પધારી ધન્યતા અનુભવી હતી.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા જૂનાગઢમાં માનસિક સ્વાસ્થ્ય માટે યોગ શિબિર યોજાઈ



જૂનાગઢ, તા.૨૨

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માનસિક સ્વાસ્થ્ય અભિયાન અંતર્ગત જૂનાગઢની .કે જે .સ્કૂલ ઓફ નર્સિંગ નાંદરખીની હોસ્ટેલમાં યોગકોચ ભાવિશાબેન સંતોકી દ્વારા યોગ શિબિરનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૨૦ જેટલી હોસ્ટેલની દીકરીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન, સંચાલન ગુજરાત રાજ્ય યોગ બોર્ડ જૂનાગઢના યોગકોચ ભાવિશાબેન સંતોકી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં યોગ બોર્ડના સભ્યો, જૂનાગઢ જિલ્લાના મહાનગરપાલિકાના કોર્ડીનેટર વૈશાલીબેન ચુડાસમા, ચેતનાબેન ગજેરા, સોશિયલ મિડિયા પ્રભારી સોનલબેન બગડા, અશ્વીનભાઈ રાવલ ખાસ હાજર રહયા હતા. મુખ્ય અતિથિ તરીકે સમર્પણ ધ્યાનમાંથી રસીલાબેન માકડીયા તથા રીટાબેન ભૂત ઉપસ્થિત રહ્યા હતા.તેમણે ધ્યાનથી માનસિક સ્વાસ્થ્ય કઈ રીતે જાળવી શકાય તે વિશે માર્ગદર્શન આપ્યું હતું.

# ગુજરાતના ખેડૂતોનું દેણું માફ કરવા મુખ્યમંત્રીને રજૂઆત

(રેનિશ મહેતા દ્વારા) ભેસાણ તા.૨૨



આમ આદમી પાર્ટી સૌરાષ્ટ્ર ઝોનના સંગઠન મંત્રીએ ગુજરાતના મુખ્યમંત્રીને પત્ર પાઠવીને સાથે સહાયરૂપે રૂપિયા ૧૬૧નો ચેક પણ મોકલ્યો છે અને ગુજરાતના ખેડૂતોનું દેવું માફ કરવા માંગણી કરી છે. આમ આદમી પાર્ટીના સૌરાષ્ટ્ર ઝોનના સંગઠન મંત્રી હિતેશભાઈ વઘાસિયાએ પાઠવેલ પત્રમાં જણાવ્યું છે કે, છેલ્લા ઘણા સમયથી કમોસમી વરસાદ વરસી રહ્યો છે અને અત્યારે ખેડૂતોનો પકવેલ માલ સંપૂર્ણ નાશ પામ્યો છે, આગલા વર્ષે પણ આવી જ પરિસ્થિતિ હતી. ખેડૂતોને આજીવિકાનો બીજો કોઈ સ્રોત ન હોવાથી ખેડૂતો આર્થિક રીતે પાયમલ થયેલ છે અને કર્જના બોજ તળે દબાયેલ છે તેમ છતાં પણ ગુજરાત સરકારના એક પણ ભાજપના ધારાસભ્ય આ મુદ્દે વાત કરી નથી અને ખેડૂતોની વ્હારે આવ્યા નથી ત્યારે મારા તરફથી ભાજપના તમામ ૧૬૧ ધારાસભ્યને આર્થિક સહાય સ્વરૂપે રૂપિયા ૧૬૧ મોકલાવું છું તો તેનો સ્વીકાર કરી તમામને એક એક રૂપિયો આપવા વિનંતી. જેથી તેમની આંખો ખુલે અને ખેડૂતોને સર્વેના નાટક કર્યા વગર- વાલા દવલાની નીતિથી પર રહી- ખેડૂતોનું સંપૂર્ણ કર્જ (લોન, દેણું)માફ કરાવી આપવા પત્રના અંતે માંગણી કરી છે.

# ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ 'યંગ ઈન્ડિયા' માટે રૂા.૧૦૦ કરોડનું દાન કર્યુ

### યુવાધનને કૌશલ્ય આધારિત શિક્ષણ માટે નવી યુનિવર્સિટીની સ્થપાશે



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૨

અદાણી ગ્રૂપ દેશના યુવાધનમાં કૌશલ્ય આધારિત શિક્ષણ વિકસાવવા પ્રયત્નશીલ છે. કૌશલ્ય આધારિત સ્કીલયુનિવર્સિટીની સ્થાપના માટે અદાણી ગ્રુપે રૂા.૧૦૦ કરોડ રૂપિયાની માતબર રકમનું દાન આપ્યું છે.તેલંગાણા સરકાર ટૂંક સમયમાં યંગ ઈન્ડિયા સ્કિલ યુનિવર્સિટીની સ્થાપના કરવા જઈ રહી છે. અદાણી ફાઉન્ડેશન આ યુનિવર્સિટીની સ્થાપનામાં મદદ કરવા આગળ આવ્યું છે. અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીએ શુક્રવારે તેલંગાણાના સીએમ રેવંત રેડ્ડીને રૂા.૧૦૦ કરોડ રૂપિયાનો ચેક સુપરત કર્યો હતો.

ગૌતમ અદાણીએ તેલંગાણામાં 'યંગ ઈન્ડિયા સ્કિલ યુનિવર્સિટી' માટે રૂા.૧૦૦ કરોડ રૂપિયાનું દાન આપ્યું છે. નવી સ્કીલ યુનિવર્સિટી પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડલ ઉપર ચાલશે. જેમાં તાલીમાર્થીઓને આંતરરાષ્ટ્રીય ધોરણો સમકક્ષ અભ્યાસક્રમો અને તાલીમ આપવામાં આવશે. ગૌતમ અદાણીએ તેલંગાણામાં યુવાનોના કૌશલ્ય વિકાસ અને સશક્તિકરણ માટે રાજ્ય સરકારની પહેલને સમર્થન અને સહકાર આપવાનું વચન આપ્યું છે.

તેલંગાણા એસેમ્બલીએ અગાઉ રાજ્યમાં યંગ ઈન્ડિયા સ્કિલ યુનિવર્સિટી-તેલંગાણાની સ્થાપના માટે એક બિલ પસાર કર્યુ છે. મુખ્યમંત્રી એ રેવન્ત રેડ્ડીએ કહ્યું હતું કે, "મહાત્મા ગાંધીએ સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન અંગ્રેજી સામયિક 'યંગ ઈન્ડિયા' શરૂ કર્યું હતું. ગાંધીજી થકી પ્રેરણા લઈને, તેલંગાણા સરકારે યુનિવર્સિટીનું નામ યંગ ઈન્ડિયા સ્કિલ યુનિવર્સિટી' રાખ્યું છે. તે એક જાહેર ખાનગી ભાગીદારી એટલે કે તે મોડલ પર ચલાવવામાં આવશે." યંગ ઈન્ડિયા સ્કિલ યુનિવર્સિટીમાં ઉદ્યોગોના સહયોગથી **BFSI**, ફાર્મા અને બાયોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, રિટેલ અને ઈ-કોમર્સ જેવા કેટલાય ક્ષેત્રોમાં વિદ્યાર્થીઓના કૌશલ્ય વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

ઉલ્લખનીય છે કે અદાણી ફાઉન્ડેશન દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ માટે અભૂતપુર્વ કામગીરી થઈ રહી છે. સંપૂર્ણ ભારતમાં ૩૦૦થી વધુ શાળાઓમાં ૫૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓના જીવનને તે શિક્ષણની જ્યોતથી પ્રકાશિત કરી રહ્યું છે.એટલું જ નહી, યુવાધનને આત્મનિર્ભર બનાવવાના ઉમદા હેતુથી અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરે **(ASDC)** અત્યાર સુધી દોઢ લાખથી વધુ યુવાધનને રોજગારલક્ષી તાલીમ પૂરી પાડી છે જ્યારે ૬૫,૦૦૦થી વધુ લોકોને રોજગારી અપાવી સક્ષમ બનાવ્યા છે.

# ગુજરાત રોડ સેફટી એવોર્ડ અંગે ક્રાઈટેરિયા અને ગુણ પદ્ધતિમાં ફેરફાર

જૂનાગઢ, તા.૨૨ : ગુજરાત સરકારના બંદરો અને વાહન વ્યવહાર વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક **PTD/MSM/e-file/22/2024/0167/KH** થી "ગુજરાત રોડ સેફટી એવોર્ડ" એનાયત કરવાના ક્રાઈટેરિયા અને ગુણ પદ્ધતિમાં ફેરફાર કરેલ છે. જે વિષય વધુ માહિતી મેળવવા માટે ગુજરાત રોડ સેફટી ઓથોરિટી ની વેબસાઈટ **https://gujrosa.gujarat.gov.in** પર જઈ **SCHEMES** હેઠળ દર્શાવેલ "**ROAD SAFETY AWARDS**" વિકલ્પ પસંદ કરી વધુ જાણકારી મેળવી શકાશે તેમ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી દ્વારા યાદીમાં જણાવાયુ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# કેનેડા સરકારનું ભારતદ્વેષી વલણ

ભારત સરકારે કેનેડાથી પોતાના રાજદૂતોને પાછા બોલાવવાનો નિર્ણય કરીને બિલકુલ યોગ્ય પગલું ભર્યું. કેનેડા સરકારની ભારત વિરોધી ગતિવિધિઓ જે રીતે વધતી જાય છે અને તેના સંકીર્ણ રાજકીય સ્વાર્થો માટે તે જે રીતે ભારતીય રાજદ્વારીઓને બદનામ કરવા અને તેમની સુરક્ષા માટે ખતરો પેદા કરવાનું કામ કરી રહી છે, તેનો આકરો જવાબ આપવો જરૂરી થઈ ગયું હતું. ભારતે પોતાના રાજદૂતોને પાછા બોલાવવાનો નિર્ણય એટલા માટે કરવો પડ્યો, કારણ કે કેનેડા સરકારે ખાલિસ્તાની આતંકવાદી હરદીપસિંહ નિજ્જરની હત્યામાં ભારતીય રાજદૂત સહિત અન્ય રાજદ્વારીઓની કથિત સંડોવણીની તપાસ કરવાની જરૂર જણાવી હતી. કેનેડા સરકારે આના પહેલાં પણ પોતાને ત્યાં આશ્રિત ખાલિસ્તાની આતંકીઓને ખુશ કરવા માટે નિજ્જરની હત્યા માટે ભારતીય રાજદ્વારીઓને જવાબદાર ઠેરવવાની હાસ્યાસ્પદ કોશિશ કરી હતી. ત્યારે પણ ભારત સરકારે કઠોર વલણનો પરિચય આપતાં કેનેડા માટે વિઝા સેવા રોકી દીધી હતી.

લાગે છે કે કેનેડાની ટ્રુડો સરકાર નવેસરથી ખાલિસ્તાનીઓને ખુશ કરવા માગી રહી છે. એની અવગણના ન કરી શકાય કે તે નિજ્જરની હત્યામાં ભારતને કઠેરામાં ઊભું કરવાની કોશિશ તો કરી રહી છે, પરંતુ તેના સંદર્ભમાં કોઈ પુરાવા આપવાનો ઈનકાર કરી રહી છે. તે એ તથ્યથી પણ મોં ફેરવી રહી છે કે નિજ્જર નકલી દસ્તાવેજો દ્વારા કેનેડા પહોંચ્યો હતો. તેની હરકતોને જોતાં ખુદ કેનેડાએ તેને હવાઈ યાત્રા કરતાં રોકી દીધો હતો, પરંતુ પછી ખાલિસ્તાનીઓના પ્રભાવમાં આવીને તેને નાગરિકતા પણ આપી દીધી હતી.

ખાલિસ્તાનીઓની હમદર્દી મેળવવા માટે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો માત્ર ભારત સાથે સંબંધ ખરાબ નથી કરી રહ્યા, બલ્કે પોતાના દેશને ખાલિસ્તાની અતિવાદીઓ અને આતંકીઓનો ગઢ બનાવવાનું કામ કરી રહ્યા છે. પોતાની સત્તા બચાવી રાખવા માટે તેઓ ખાલિસ્તાની તત્ત્વોના હાથની કઠપૂતળી બનવા માટે સ્વતંત્ર છે, પરંતુ તેમને એ અનુમતિ ન આપી શકાય કે તેઓ ભારતીય હિતો માટે ખતરો પેદા કરે. છેલ્લા કેટલાક સમયથી ભારતના વાંધા બાદ પણ તેઓ એવું જ કરી રહ્યા છે. જસ્ટિન ટ્રુડોએ ખાલિસ્તાની આતંકવાદીઓને એટલી બધી છૂટ આપી દીધી છે કે તેઓ ઈન્દિરા ગાંધીની હત્યાની પરેડ કાઢે છે અને એ તત્ત્વો વિરુદ્ધ કોઈ કાર્યવાહી પણ નથી કરતા, જે ભારતીય રાજદ્વારીઓને ખુલ્લેઆમ ધમકાવે છે અને ત્યાં સુધી કે તેમનાં પોસ્ટરો પર ગોળીબાર કરતાં વીડિયો જારી કરે છે.

તેમાં શંકા છે કે ભારત સરકારે પોતાના રાજદૂતોને પાછા બોલાવવાનો જે નિર્ણય કર્યો, તેનાથી કેનેડા સરકાર સાચા રસ્તે આવશે. એવામાં ભારતે કેનેડા વિરુદ્ધ વધુ કઠોર પગલાં ભરવા માટે તૈયાર રહેવું જોઈએ. હવે એની આશંકા વધી ગઈ છે કે જસ્ટિન સરકાર વધુ ખૂલીને ખાલિસ્તાની આતંકીઓના સપોર્ટમાં ઊભી રહી શકે છે. એવામાં ભારતે એ જોવું પડશે કે તે કેનેડા પર વધુ દબાણ કેવી રીતે બનાવે.

# જૂનાગઢમાં નોધારાનો આધાર શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૫ ઝૂંપડાવાસીઓને મકાનની ભેટ

## મંત્રોચ્ચાર વચ્ચે આગેવાનોની ઉપસ્થિતિમાં ગૃહ પ્રવેશ કરાવાયો





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૨

સેવા મારૂ કર્મ સેવા મારો ધર્મ સૂત્ર સાથે ચાલતી સંસ્થા શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૫૦ વર્ષના ઈતિહાસનું સૌથી મોટું સેવા કાર્ય નોધારાનો આધાર ઘરના ઘર પાંચ ગરીબ ઝુપડાંવાળાને વિનામૂલ્યે પાકા મકાન બનાવી આપવામાં આવ્યા છે. આ તકે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી આશિષભાઈ એમ. રાવલ તથા કો. મેને. ટ્રસ્ટી રાજુભાઈ વ્યાસએ જણાવ્યું હતું કે, માણસ સવારે ભૂખ્યો ઉઠે છે પણ રાત્રે ભૂખ્યો સૂતો નથી. પરંતુ કોઈને આશરો એટલે કે ઘરનું ઘર આપવું એ ખુબજ મહત્વનું છે અને ખરા દિલની સેવા છે. આ પ્રસંગે જરૂરિયાતમંદ ઝુપડાંવાળા લોકોનો ગૃહ પ્રવેશ સાંસદ રાજેશભાઈ ચુડાસમા, નોબલ ગ્રુપના કે.ડી. પંડ્યા, આલ્ફા સ્કૂલના સંચાલકજી.પી. કાઠી, મેંદરડા આશ્રમના સાધ્વી ક્રિષ્નાદાસજી, શાસ્ત્રી રવિભાઈ દવે, નાગભાઈ વાળા મંત્રોચાર દ્વારા ગૃહપ્રવેશ કરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે અમુભાઈ પાનસુરીયા, માર્કંડભાઈ જોષી, યંશવન્તભાઈ પાઠક, સમીરભાઈ પારેખ, મુનાભાઈ બોઘરા, જીતેન્દ્રભાઈ પંડયા, ધવલભાઈ પટેલીયા, ડો . હેમલસિંહ ઠાકુર, રસિકભાઈ પોપટ, વિપુલભાઈ આડતીયા તથા ઓન્લી ઈન્ડિયન વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે ઈન્ચાર્જ પ્રમુખ હીનાબેન જાની, ટ્રસ્ટી કિશોરભાઈ ખંભોળિયા, પરેશભાઈ પરમાર, મિત્તલભાઈ મજીઠીયા, અનિલભાઈ સૂબા નિશીથભાઈ રાવલ, વિપુલભાઈ દવે, હરેશભાઈ પુરોહિત, યોગેશભાઈ જોશી, કિશોરભાઈ જાની, અજયભાઈ પુરોહિત, દેવ ભાનુશાલી, નિલેશભાઈ પુરોહિત, ઘનશ્યામભાઈ પરમાર, હિતેષભાઈ કોટક, જયભાઈ ઝાંઝમેરીયા, શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટનાં નયનાબેન પારેખ, શિલ્પાબેન ગોસ્વામી, નિર્મલબેન, લતાબેન ભાનુશાળી વગેરેએ જહેમત જ ઉઠાવી હતી.

# શિવરાજપુર ખાતે સ્પોર્ટ્સ એક્ટિવીટી શરૂ કરવાની માંગ બુલંદ બની





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૨

આંતર્રાષ્ટ્રીય કક્ષાએ બ્લુ ફ્લેગ બીચનો દરજ્જો મળ્યો બાદ શિવરાજપુર બીચ ખાતે છેલ્લા ઘણા સમયથી ગેરકાયદેસર સ્પોર્ટ્સ એક્ટિવિટી ચાલુ હતી. જેમાં બોટ રાઈડ, સ્કુબા સહિત અન્ય સ્પોર્ટ્સ એક્ટિવિટી મંજૂરી વિના ચાલતી હતી. જે તંત્ર દ્વારા યાત્રિકોની સલામતીને ધ્યાનમાં લઈ બંધ કરાવી દેવામાં આવતા સ્થાનિકોએ આ મામલે ધારાસભ્ય પબુભા માણેકને થોડા દિવસો પહેલા રજૂઆત કરી હતી. ત્યારે અધિકારીઓને સાથે રાખી એક બેઠક યોજાઈ હતી. જેમાં સ્પોર્ટ્સ એક્ટિવીટીને જરૂરી ચકાસણી કરી મંજૂરી આપવામાં આવે, જો મંજૂરી આપવામાં નહિ આવે તો આસપાસના ગામોને સાથે રાખી આ એક્ટિવિટી મંજૂરી વિના ચાલુ કરી દેવાની ચીમકી ખુદ પબુભા માણેકે ચાલુ બેઠકમાં આપી દીધી હતી. ત્યારે આજે સ્થાનિકો સાથે આજે વધુ એક બેઠક યોજાઈ હતી. જેમાં આ મુદ્દે વિવિધ ચર્ચાઓ કરવામાં આવી હતી.

# રાજકોટના મુંજકા ગામે આવેલ હરિવંદના કોલેજમાં જાથાનો જનજાગૃતિ કાર્યક્રમ યોજાશે


## મુંજકા હરિવંદના કોલેજમાં વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો કાર્યક્રમ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨૨

રાજકોટ તાલુકાના મુંજકા ગામે હરિવંદના કોલેજમાં બી.કોમ., બી.બી.એ., બી.એસ.સી., બી.સી.એ., બી.પી.ટી., એલએલ.બી., એમ.કોમ., બી.એડ., ડી.એમ.એલ.ટી., એમ.એસ.ડબલ્યુ., એમ.એસી.સી., વિવિધ ફેકલ્ટીના છાત્ર-છાત્રાઓમાં વૈજ્ઞાનિક મિજાજ કેળવાય, અંધશ્રદ્ધા નિવારણનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો જનજાગૃતિ કાર્યક્રમ બુધવાર તા. ૨૩ મી ઓકટોબરે બપોરે ૩-૦૦ કલાકે વિશાળ પટાંગણમાં આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જાથાના ચેરમેન-એડવોકેટ જયંત પંડયા ધારદાર વકતવ્ય આપી વૈજ્ઞાનિક સમજ આપશે. જાથાનો ૧૦૦૫૦ મો કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદઘાટન હરિવંદના કોલેજના ચેરમેન મહેશભાઈ ચૌહાણ, કેમ્પસ ડાયરેકટર સર્વેશ્વરભાઈ ચૌહાણ, ટ્રસ્ટી કૃપાબેન ચૌહાણ, હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ ડૉ. અશ્વિન રાઠોડ, વિશાલ વસા, સાગર બાબરીયા તથા પ્રોફેસરો અને સ્ટાફની હાજરીમાં કરવામાં આવશે. શહેરના શિક્ષણશાસ્ત્રીઓ પણ હાજર રહેવાના છે. ચમત્કારિક પ્રયોગોમાં એકના ડબલ, હાથમાં કંકુ-ભસ્મ, લોહી નીકળવું, શ્રીફળનું આપોઆપ સળગવું, અગ્નિ સ્વયંભુ પ્રગટવું, ભુવાની સાંકળ મારવાની ડીંડકલીલા, ધૂણવું-સવારીની ધતિંગલીલા, બોલતું તાવિજ, નજરબંધી, હઝરતમાં જોવું, જીભની આરપાર ત્રિશુલ નાખવું, ઉકળતા તેલમાંથી હાથેથી પૂરી તળવી, કાનેથી ચિઠ્ઠી વાંચવી, મનગમતી મીઠાઈ ખવડાવવી, વશીકરણ વિગેરેનું પોલખોલ કરી શીખડાવી દેવામાં આવશે. સુરત સત્ય શોધક સભાના પૂર્વ પ્રમુખ સિધ્ધાર્થ દેગામી વિશેષ હાજરી આપી પ્રયોગ નિદર્શનમાં ભાગ લેવાના છે. પ્રયોગ નિદર્શનમાં જાથાના અંકલેશ ગોહિલ, પ્રમોદ પંડયા, નિર્ભય જોશી, બીલડીના બટુકભાઈ બારોટ, ગુલાબસિંહ ચૌહાણ, રવિ પરબતાણી, રોમિત રાજદેવ, ભાનુબેન ગોહિલ, ચંદ્રિકાબેન, એડવોકેટ હર્ષાબેન પંડયા, એડવોકેટ ભાવનાબેન વાઘેલા, ભક્તિબેન રાજગોર ભાગ લેવાના છે. કાર્યક્રમનું સંચાલન હરિવંદના કોલેજના સાગર પટેલ કરવાના છે. રાજયમાં જનજાગૃતિ કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવો.

# શ્રી કષ્ટભંજનદેવને રંગબેરંગી ફુલોનો દિવ્ય શણગાર એવં દાદાના પાટોત્સવ નિમિત્તે હનુમાન ચરિત્ર કથાએવં જય યાત્રા યોજાઈ





(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૨૨

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજીની પ્રેરણા અને કોઠારીશ્રી વિવેકસાગર સ્વામીના માર્ગદર્શનથી શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજનો ૧૭૬ મો વાર્ષિક પાટોત્સવ નિમિતે તારીખ ૧૯-૨૦-૧૦-૨૦૨૪ના રોજ શ્રીકષ્ટભંજનદેવને રંગબેરંગી ફુલોનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. સાંજે ૬:૩૦ કલાકે સંધ્યા વડતાલ દેશ પિઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ જલયાત્રા વાજતે ગાજતે કાઢવામાં આવી હતી. આજે દેશ વિદેશમાંથી આવતા લાખો શ્રદ્ધાળુઓના હૃદયના હાર એવા શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજનો ૧૭૬ મો વાર્ષિક પાટોત્સવ આવી રહ્યો છે ત્યારે પરમકૃપાળુ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી, વડતાલ દેશ પિઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીનાં શુભ આશીર્વાદથી અને પ.પૂ.ગુરૂવર્ય શ્રી અથાણાવાળા સ્વામીનાં આશીર્વાદથી એવં પ.પૂ. સ.ગુ. પુરાણી શ્રી વિષ્ણુપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા) એવમ્ પ.પૂ.સ.ગુ.કો.શા.શ્રી સંતવલ્લભદાસજી સ્વામી-મુ.કો.શ્રી-વડતાલની પ્રેરણાથી શ્રી કષ્ટભંજનદેવનો ૧૭૬મો વાર્ષિક પાટોત્સવ સંવત્ ૨૦૮૦ના આસો વદ-૫, તા.૨૧-૧૦-૨૦૨૪, સોમવારના રોજ ઉજવાશે. પરમ પૂજ્ય શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા)ના વકતા પદે ત્રિદિનાત્મક "શ્રી હનુમંત ચરિત્ર કથા'નું આયોજન તા.૧૯-૧૦-૨૦૨૪ શનિવારથી ૨૧-૧૦-૨૦૨૪, સોમવાર દરમ્યાન રાખવામાં આવેલ છે. આ પ્રસંગે પરમ પૂજ્ય મહારાજશ્રી એવમ્ સદ્ગુરુ સંતોના વરદ્ હસ્તે અભિષેક પાટોત્સવ તથા મારૂતિયજ્ઞમાં શ્રીફળ હોમવાની વિધિ સંપન્ન થશે તથા શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાના દિવ્ય દર્શન, અભિષેક, અન્નકૂટ, યજ્ઞદર્શન, કથા શ્રવણ એવં બ્રહ્મનિષ્ઠ સંતોના દર્શન-આશીર્વચન એવં મહાપ્રસાદનો લાભ લેવા આપ સૌ પ્રેમીભક્તોને પરિવાર સહિત પધારવા કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી- અથાણાવાળા દ્વારાહાર્દિક આમંત્રણ છે.

# ખંભાળિયા નગરપાલિકાના સફાઈ કામદારો અચોક્કસ મુદતની હડતાળ ઉપર

## પડતર માંગણીઓને અનુલક્ષીને અપાયેલા અલ્ટીમેટમ બાદ નિર્ણય

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૨

ખંભાળિયા નગરપાલિકાના સફાઈ કામદારોના સફાઈ કામદારોને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવો, નિવૃત્ત કર્મચારીઓના પેન્શન રિવાઈઝ્ડ કરવા, સફાઈ કામદારોના મહેકમમાં વર્ષોથી ખાલી પડેલી જગ્યા ભરવી, નગરપાલિકાના કર્મચારીઓના પેન્શન ફંડના રૂપિયા સાડા સાત કરોડ જેટલી માતબર રકમ અન્ય જગ્યાએ ખર્ચ કરવામાં આવી છે, તે રકમ પરત કર્મચારીઓના પેન્શન ફંડમાં જમા કરાવવી, નગરપાલિકાના તમામ કાયમી, રોજમદાર કર્મચારીઓના પગારોમાંથી છેલ્લા અગીયાર માસથી જી.પી.એફ., ઈ.પી.એફ., એલ.આઈ.સી. વીમા પોલિસીની લાખો રૂપિયાની રકમ કપાત કરીને જમા કરાવવા આવી નથી તે કર્મચારીઓના ફંડની રકમ જમા કરાવવી, શહેરના વસ્તી અને વિસ્તારના ધોરણે સફાઈ કામદારોની ભરતી કરવી, વિગેરે જેવા અનેક પડતર પ્રશ્નો અને માંગણીઓ લાંબા સમય પડતર છે. આ પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા માટે મહામંડળ દ્વારા અવાર નવાર રજૂઆતો કરવા છતાં કોઈ યોગ્ય નિરાકરણ લાવવામાં ન આવતા મહામંડળ દ્વારા ગત તા. ૭ ઓકટોબર ના રોજ સફાઈ કામદારોના ઉપરોક્ત પ્રશ્નોનું જો ૧૪ દિવસમાં નિરાકરણ લાવવામાં નહી આવે તો તા. ૨૧ ઓકટોબરથી શહેરની સફાઈ કામગીરી બંધ કરી, હડતાળ ઉપર જવા અંગે અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું. જેના પગલે છેલ્લા બે દિવસથી નગરપાલિકાના ઈન્ચાર્જ ચીફ ઓફીસર, પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન અને સદસ્યો દ્વારા કામદારોના પ્રતિનિધિઓ સાથે સમાધાન પ્રયાસો માટે સતત ચર્ચાનો દૌર ચાલુ રહ્યો હતો. પરંતુ કામદારોના કેટલાક નીતી વિષયક પ્રશ્નો અને માંગણીઓના મુદ્દે સહમતી ન સધાતા સમાધાન મંત્રણા નિષ્ફળ રહી હતી. આથી આજરોજ સોમવારથી નગરપાલિકાના તમામ સફાઈ કામદારો શહેરની સફાઈ કામગીરી બંધ કરીને અચોક્કસ મુદતની હડતાળ ઉપર જઈ રહ્યા હોવાનું ગુજરાત સફાઈ કામદાર મહામંડળના પ્રદેશ મહામંત્રી રમેશ વાઘેલાની એક યાદીમાં જણાવાયુ છે. જો કે નગરપાલિકા દ્વારા સફાઈ કર્મીઓની જુદી જુદી ૧૧ પડતર માંગણીઓના મુદ્દે આગામી દિવસોમાં નિરાકરણ આવવા સહિતની બાબતે હૈયાધારણા આપી, શનિવારે સાંજે લેખિત પત્ર પાઠવવામાં આવ્યો છે. પરંતુ સફાઈ કામદારોને નક્કર કામગીરી અને સંતોષકારક પગલાં લેવામાં ન આવ્યા હોવાનું જણાવી, તેઓનું હડતાલ આંદોલન આજે સોમવારથી હાથ ધરવામાં આવ્યું છે.

## પશ્ચિમ રેલવે દ્વારા અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ૧૨૪ સ્ટેશનોનો પુનઃવિકાસ

# સુરત સ્ટેશનનો પુનઃવિકાસ : આધુનિક સુવિધાઓ અને કનેક્ટિવિટી સાથેમલ્ટિ-મોડલ ટ્રાન્સપોર્ટ હબની તરફ વધતા પગલાં






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

મુસાફરો માટે અત્યાધુનિક સુવિધાઓ અને બહેતર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદાન કરવાના ઉદ્દેશ્ય સાથે પશ્ચિમ રેલવેએ ૧૨૪ રેલવે સ્ટેશનોના પુનર્વિકાસની મહત્વાકાંક્ષી યોજના શરૂ કરી છે. આ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં મુંબઈ સેન્ટ્રલ મંડળના૩૦, વડોદરામાં ૧૮, રતલામના ૧૯, અમદાવાદના ૨૦, ભાવનગરના ૨૦ અને રાજકોટ મંડળના૧૭ સ્ટેશનોનો સમાવેશ થાય છે. આ સ્ટેશનોને આધુનિક સુવિધાઓ અને વિશ્વ કક્ષાની ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે અપગ્રેડ કરવામાં આવશે, મુસાફરો માટે મુસાફરીના અનુભવમાં સુધારો થશે અને રેલ્વે કામગીરી વધુ કાર્યક્ષમ બનશે. સુરત રેલ્વે સ્ટેશન વિકસિતકરવામાંઆવીરહેલાઆ પ્રમુખ સ્ટેશનોમાંથી એક છે. સુરત સ્ટેશનને મલ્ટિ-મોડલ ટ્રાન્સપોર્ટ હબ(**MMTH**) તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે, જે સીમલેસ કનેક્ટિવિટી પૂરી પાડવા માટે રેલવે, **GSRTC** સિટી બસ ટર્મિનલ સ્ટેશન, મેટ્રો વગેરેને એકીકૃત કરશે. સુરત સ્ટેશનને આર્કિટેક્ચરલ વાતાવરણને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવ્યું છે, જે સુનિશ્ચિત કરે છે કે સમગ્ર સ્ટેશન પરિસરનો એકંદર દેખાવ આંતરરાષ્ટ્રીય ધોરણોના બિઝનેસ સેન્ટર જેવો હોય. યોગ્ય રવેશ, પૂર્ણાહુતિ, રંગ, સામગ્રી, ટેક્સચર દ્વારા એકીકૃત થીમ તેની ભવ્યતામાં વધારો કરશે.

ભારતના સૌથી ઝડપથી વિકસતા શહેરોમાંનું એક અને વેપાર અને વાણિજ્યનું મુખ્ય કેન્દ્રસુરત રેલ્વે સ્ટેશન પેસેન્જર ટ્રાફિક અને આર્થિક પ્રવૃત્તિઓ માટે એક મહત્વપૂર્ણ હબમાં પરિવર્તિત થશે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા જાહેર કરવામાં આવેલ પ્રેસ રિલીઝ મુજબ, સુરત સ્ટેશન રિડેવલપમેન્ટ પ્રોજેક્ટનો કુલ અંદાજિત ખર્ચ ૧,૪૭૭ કરોડ છે, જેમાં ગુજરાત સરકારનો ફાળો અંદાજે ૪૮૧ કરોડ છે, જ્યારે રેલવેનું યોગદાન ૯૯૬ કરોડથી વધુ છે. સુરત ઈન્ટિગ્રેટેડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (**SITCO**), ભારતીય રેલ્વે અને ગુજરાત સરકારના સહયોગથી રચાયેલ સ્પેશિયલ પર્પઝ વ્હીકલ(**SPV**) દ્વારા પુનઃવિકાસ કાર્ય હાથ ધરવામાં આવી રહ્યું છે.

આ પ્રોજેક્ટમાં સ્ટેશન બિલ્ડિંગનું વિસ્તરણ, પ્લેટફોર્મ અપગ્રેડેશન, મુસાફરોની સુવિધાઓમાં સુધારો અને સ્ટેશન સંકુલનું બ્યુટિફિકેશન સામેલ છે.

પુનઃવિકાસિત સુરત સ્ટેશનમાં વિશ્વ કક્ષાની મુસાફરોની સુવિધાઓ ઉપલબ્ધ હશે,જેમાં૧૦,૯૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલ વિશાળ ઓડિટોરિયમ, લાઉન્જ, છૂટક દુકાનો અને સ્કાયવોક સામેલહશે. ભીડને નિયંત્રિત કરવા માટે પ્લેટફોર્મની ઉપર વધારાની સુવિધાઓ વિકસાવવામાં આવશે. મુસાફરોની સરળ અવરજવર સુનિશ્ચિત કરવા માટેસ્ટેશન પર ૪૧ લિફ્ટ અને ૭૦ એસ્કેલેટર હશે અને તે દિવ્યાંગજન મુસાફરો માટે સંપૂર્ણ રીતે સુલભ હશે. સ્ટેશનને પ્લેટિનમ રેટેડ ગ્રીન બિલ્ડિંગ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે, જે પર્યાવરણીય સંરક્ષણને પ્રોત્સાહન આપશે અને ઊર્જા, પાણી અને અન્ય સંસાધનોનો કાર્યક્ષમ ઉપયોગ સુનિશ્ચિત કરશે. વિનીતે વધુમાં જણાવ્યું કે, સુરત સ્ટેશન ઉપર પુનઃવિકાસનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. સ્ટેશન બિલ્ડીંગ વિસ્તારની પૂર્વ બાજુએ, આરપીએફ બેરેક, હોસ્પિટલ અને રનિંગ રૂમનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે. ખાસ કરીને તહેવારોની સીઝનમાં ભીડનું વધુ સારું સંચાલન કરવા માટે બિલ્ડિંગની પશ્ચિમ બાજુએ એક નવો પેસેન્જર હોલ્ડિંગ એરિયા પણ બનાવવામાંઆવ્યો છે. ઈલેક્ટ્રીકલ ઈન્ટરલોકીંગ (**EI**)બિલ્ડીંગ પણ સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગયું છે અને ફીડર લાઈન ખસેડવામાં આવી છે. **GSRTC** બિલ્ડિંગના નિર્માણમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે, જેમાં ૫૦% થી વધુ કામ પૂર્ણ થઈ ગયું છે. રેલ્વે સ્ટેશનની પૂર્વ બાજુનું કામ પ્રગતિમાં છે, જેમાં રાફ્ટ ફાઉન્ડેશનનું કામ ૧૦૦% પૂર્ણ થયું છે. આ ઉપરાંત રેલવે સ્ટેશનના કોનકોર્સ અને પશ્ચિમ ભાગનું કામ પણ ચાલી રહ્યું છે. ફેઝ-૨માં ૫.૫ કિમી લાંબા એલિવેટેડ રોડ નેટવર્ક પર કામ ચાલુ છે, જેમાં ૨ રોડ ઓવર બ્રિજ હશે.

આ એલિવેટેડ રોડ નેટવર્ક પ્રોજેક્ટ હેઠળની તમામ મોટી ઈમારતોને જોડશે, જેના ઉપર આશરે રૂા. ૪૯૭ કરોડનો ખર્ચ થવાની ધારણા છે અને તે આગામી ૨.૫ વર્ષમાંકાર્ય પૂર્ણ થવાની ધારણા છે. પુનઃવિકાસ પછી સુરત રેલ્વે સ્ટેશન એક આધુનિક, પેસેન્જર-કેન્દ્રિત સુવિધા તરીકે ઉભરી આવશે, જે શહેરની ઝડપથી વધતી વસ્તીની જરૂરિયાતોને પૂરી કરશે. આ ફેરફાર સુરતને મુખ્ય પેસેન્જર અને કોમર્શિયલ હબ તરીકે સ્થાપિત કરશે. આ પ્રોજેક્ટ "નવા ભારતનું નવું સ્ટેશન" બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

તમારો આહાર જ તમારી ઔષધિ છે.

- શ્રી રામશર્મા આચાર્ય

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ખોરદાદ-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, આસો વદ-૬, તા.૨૨ ઓક્ટોબર ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૯, મુસ્લિમ તા.૧૮, આર્દ્રા નક્ષત્ર, પરિઘ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૫૧, સૂ.અ.૬:૧૯

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મોઢે આવેલો કોળિયો છીનવાઈ જાય. પડવા-વાગવાથી સંભાળવું.
વૃષભ:આરોગ્ય અંગે સાવચેત રહેવું હિતાવહ. અણધાર્યો લાભ થાય.
મિથુન:શત્રુઓ નમતા આવે. મનની મુરાદ બર આવે.
કર્ક: કાર્યબોજમાં વધારો થાય. વાણી સંયમ જાળવવો હિતાવહ.
સિંહ: મહત્વના પ્રશ્નોમાં ગુંચવણ પેદા થાય. પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને.
કન્યા: મિલ્કતને લગતા પ્રશ્નોમાં વિઘ્ન આવે. પ્રવાસ દ્વારા લાભ મળે.
તુલા: મનમાં ચંચળતા રહે. કાર્યબોજમાં વધારો થાય.
વૃશ્ચિક:વાદ-વિવાદથી દૂર રહેવું હિતાવહ. સંતાન બાબતે ચિંતા રહે.
ધન: ભાગીદારી કે જીવનસાથી સાથે મતભેદ રહે. મનમાં અશાંતિ અનુભવાય.
મકર: લાભની તક મળે. મહત્વની કામગીરીમાં પ્રગતિ થાય.
કુંભ: ગૃહજીવનમાં આનંદ-ઉત્સાહ રહે. માંગલિક કાર્યનું આયોજન થાય.
મીન: અણધાર્યો પ્રવાસ થાય. નવિન ખરીદીના યોગ છે.

# આ કૌભાંડોનો શિકાર ન થાઓ ! ૧૦ સામાન્ય રીતો જેમાં છેતરપિંડી કરનારાઓ તમારી સાથે છેતરપિંડી કરી શકે છે

(એજન્સી) તા.૨૨

ભારતમાં સ્કેમર્સ નકલી રોજગાર ઓફરો, ડિજિટલ ધરપકડની ધમકીઓ અને કપટપૂર્ણ યોજનાઓ દ્વારા પીડિતોને લક્ષ્ય બનાવવા માટે AI સહિતની નવીન યુક્તિઓનો વધુને વધુ ઉપયોગ કરી રહ્યાં છે. ૨૦૨૪ની શરૂઆતમાં ૯.૫ લાખથી વધુ ફરિયાદો દાખલ કરવામાં આવી હતી, જેમાં રૂા.૧,૭૫૦ કરોડનું નુકસાન થયું હતું. નકલી સત્તાવાળાઓ, સ્ટોક ટ્રેડિંગ સ્કીમ્સ અને કપટપૂર્ણ KYC અપડેટ્સ સાથે સંકળાયેલા કૌભાંડોથી સાવચેત રહો. કૌભાંડ ચેતવણી! છેતરપિંડી કરનારાઓ તેમના લક્ષ્યોને છેતરવા માટે સતત નવીન પદ્ધતિઓ ઘડી રહ્યા છે. તેઓ પીડિતોને ઓળખવા અને તેમની નબળાઈઓનું શોષણ કરવા માટે AIનો ઉપયોગ પણ કરી રહ્યા છે. નવા સ્નાતકોને બોગસ રોજગારની ઓફર મળી રહી છે. કેટલાક કિસ્સાઓમાં, આધેડ માતા-પિતાને પોલીસ કેસની ધમકી આપવામાં આવી રહી છે. KYC અપડેટમાં સહાયતાની આડમાં નિવૃત્ત વ્યક્તિઓને નાણાકીય માહિતી જાહેર કરવા માટે જોડવામાં આવે છે.

**ભારતમાં સાયબર ક્રાઈમ ઔદ્યોગિક સ્તરે પહોંચી ગયો છે.**

આરબીઆઈ, બેંકો અને અન્ય સંસ્થાઓ વારંવાર બેંક ખાતાની વિગતો જાહેર કરવા અથવા રોકાણ યોજનાઓને લલચાવવાના જોખમો ઉપર ભાર મૂકતી હોવા છતાં, તેમની સાવચેતીઓની અવગણના કરવામાં આવી છે. જાન્યુઆરીથી મે ૨૦૨૪ સુધીમાં, નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ ઉપર અંદાજે ૯.૫ લાખ ફરિયાદો દાખલ કરવામાં આવી હતી, જે દર ૧૪ સેકન્ડે એક ફરિયાદની બરાબર છે, એમ ETના અહેવાલમાં જણાવાયું છે. આ સમય મર્યાદા દરમ્યાન ભારતીય નાગરિકોને આ કૌભાંડોને કારણે આશરે રૂા.૧,૭૫૦ કરોડનું નુકસાન થયું છે. જ્યારે આધેડ અને વરિષ્ઠ વયની વ્યક્તિઓ સૌથી વધુ સંવેદનશીલ હોય છે, ત્યારે યુવાન લોકો પણ સ્કેમર્સ દ્વારા ગોઠવવામાં આવતા ફાંદાઓથી સુરક્ષિત નથી. અમે તમને છેતરવા માટે કૌભાંડીઓ દ્વારા ઉપયોગમાં લેવાતી ૧૦ સામાન્ય યુક્તિઓ ઉપર એક નજર નાખીએ છીએ સાવચેત રહો!

**૧. TRAI ઢોંગ કૌભાંડ**



સ્કેમર્સ ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI)ના પ્રતિનિધિઓ તરીકે ઓળખ આપી, દાવો કરે છે કે તમારો મોબાઈલ નંબર ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સામેલ છે અને ફોન સેવાઓ સસ્પેન્ડ કરવામાં આવશે. ત્યારબાદ પોલીસના સાયબર ક્રાઈમ સેલના અધિકારી હોવાનો ડોળ કરીને છેતરપિંડી કરનારને કોલ ટ્રાન્સફર કરવામાં આવે છે. જો કે, એ નોંધવું અગત્યનું છે કે TRAI કહે છે કે ફોન સેવાઓનું જોડાણ TRAI દ્વારા નહીં પરંતુ ટેલિકોમ કંપનીઓ દ્વારા કરવામાં આવે છે.

**૨. નકલી ડિજિટલ ધરપકડની ધમકી**

અન્ય કૌભાંડમાં, એક છેતરપિંડી કરનાર પોલીસ અધિકારીનો ઢોંગ કરે છે અને પીડિતા અથવા તેમના સંબંધી ઉપર ગુનાનો આરોપ લગાવે છે. બોગસ સીબીઆઈ અધિકારી પછી ડિજિટલ ધરપકડની ધમકી આપીને વીડિયો અથવા ઓડિયો કોલ દ્વારા પૂછપરછ કરે છે. એ યાદ રાખવું અગત્યનું છે કે પોલીસે સ્પષ્ટતા કરી છે કે તેઓ ડિજિટલ ધરપકડ કે ઓનલાઈન પૂછપરછ કરતા નથી. જો તમે આવી પરિસ્થિતિનો સામનો કરો છો, તો તરત જ કૉલને ડિસ્કનેક્ટ કરો અને અધિકારીઓને નંબરની જાણ કરો.

**૩. ખોટા પરિવારના સભ્યોની ધરપકડનું કૌભાંડ**

છેતરપિંડી કરનારાઓ એક પોલીસ કર્મચારી તરીકે પણ બની શકે છે અને પીડિતને જાણ કરી શકે છે કે નજીકના સંબંધીને ગંભીર આરોપમાં ધરપકડ કરવામાં આવનાર છે. તેઓ આરોપો હળવા કરવા માટે ચુકવણીની માંગ કરે છે, અને કેટલાક પરિવારના સભ્યના અવાજની નકલ કરવા માટે AI નો ઉપયોગ પણ કરી શકે છે. જો તમને આવો કોલ આવે તો ગભરાશો નહીં. તેના બદલે, પરિસ્થિતિને ચકાસવા અને આ કૌભાંડનો ભોગ બનવાથી બચવા માટે આગળની કાર્યવાહી કરતા પહેલા પરિવારના સભ્ય સાથે તપાસ કરો.

**૪. કપટપૂર્ણ સ્ટોક ટ્રેડિંગ યોજનાઓથી સાવધ રહો**

સોશિયલ મીડિયાની જાહેરાતો ઘણીવાર વ્યક્તિઓને સ્ટોક રોકાણ દ્વારા ૩૦-૪૦% સુધીના નોંધપાત્ર વળતરના વચનો સાથે આકર્ષિત કરે છે. પીડિતોને એક કપટી વેબસાઈટ ઉપર લલચાવવામાં આવે છે જે બનાવટી પોર્ટફોલિયોની ઍક્સેસ પ્રદાન કરે છે. શરૂઆતમાં, સ્કેમર્સ નાના રોકાણ પર અપવાદરૂપે ઉચ્ચ વળતર આપે છે, પીડિતને વધુ રોકાણ કરવા માટે લલચાવે છે. જો કે, જ્યારે પીડિત તેમના ભંડોળ પાછું ખેંચવાનો પ્રયાસ કરે છે, ત્યારે સ્કેમર્સ કોઈ નિશાન વિના અદૃશ્ય થઈ જાય છે. યાદ રાખો, ‘‘ખૂબ જ ઊંચું વળતર આપતી સ્કીમ એ સ્પષ્ટ કૌભાંડ છે. તેની લાલચમાં આવશો નહીં.’’

**૫. સરળ કાર્યો માટે ઇઝી મની ઓફર કરતા કૌભાંડોથી સાવધ રહો**

સ્કેમર્સ ઘણીવાર સરળ કાર્યોને પૂર્ણ કરવા માટે નોંધપાત્ર રકમનું વચન આપે છે, જેમ કે YouTube વિડિઓઝ અથવા સોશિયલ મીડિયા પોસ્ટ્સ પસંદ કરવા. આ કાર્યો પૂર્ણ કર્યા પછી, ભોગ બનનારને ઉચ્ચ વળતરના વચન સાથે ક્રિપ્ટોકરન્સી અથવા અન્ય સંપત્તિઓમાં રોકાણ કરવા દબાણ કરવામાં આવે છે. કાયદેસર દેખાવા માટે, પીડિતના ખાતામાં થોડી રકમ જમા થઈ શકે છે. જો કે, એકવાર પીડિત નોંધપાત્ર રકમનું રોકાણ કરે છે, સ્કેમર્સ પૈસા સાથે અદૃશ્ય થઈ જાય છે. યાદ રાખો, ‘‘ઈઝી મની ઓફર કરતી યોજનાઓ કૌભાંડો છે. તેમનાથી છેતરશો નહીં.’’

**૬. કપટપૂર્ણ કસ્ટમ્સ કૌભાંડોથી સાવધ રહો**

આ કૌભાંડમાં, પીડિતને એક સંદેશ મળે છે જેમાં દાવો કરવામાં આવે છે કે કસ્ટમ વિભાગ દ્વારા પ્રતિબંધિત પાર્સલને અટકાવવામાં આવ્યું છે. સરેરાશ વ્યક્તિ, ગભરાટની સ્થિતિમાં, મુદ્દાને ઉકેલવા માટે લાંચ આપવા માટે સંમત થાય છે. વૈકલ્પિક રીતે, પીડિતને શિપમેન્ટ છોડાવવા માટે પૈસા મોકલવા માટે કહેવામાં આવી શકે છે. સાવચેત રહો, કારણ કે સ્કેમર્સ દ્વારા આપવામાં આવેલી કોઈપણ લિંક ઉપર ક્લિક કરવાથી તેઓને તમારા ઉપકરણની ઍક્સેસ મળી શકે છે. જો તમને આવો કૉલ આવે, તો તરત જ ડિસ્કનેક્ટ કરો અને અધિકારીઓને નંબરની જાણ કરો.

**૭. કપટપૂર્ણ ક્રેડિટ કાર્ડ વ્યવહારો**

સ્કેમર્સ એક્ઝિક્યુટિવ હોવાનો ઢોંગ કરીને કૉલ કરી શકે છે અને દાવો કરી શકે છે કે તમારા ક્રેડિટ કાર્ડ ઉપર મોટી ટ્રાન્ઝેક્શન કરવામાં આવી હતી, અને પુષ્ટિ માંગી શકે છે. ક્રેડિટ કાર્ડ નકલી છે, અને પીડિતનો કૉલ અન્ય છેતરપિંડી કરનારને રીડાયરેક્ટ કરવામાં આવે છે જે સહાયની ઑફર કરે છે. એકવાર ટ્રસ્ટ સ્થાપિત થઈ જાય, તેઓ કાર્ડની વિગતોની વિનંતી કરે છે જેમ કે, CVV અને OTP. જો તમારા નામે કાર્ડ જારી કરવામાં આવે છે, તો તમને ટ્રાન્ઝેક્શન વિશે SMS મળશે. તમારી બેંક સાથે તપાસ કરો.

**૮. ખોટા નાણાં ટ્રાન્સફર**

પીડિતોને નકલી ટેક્સ્ટ મેસેજ મળી શકે છે જેમાં જણાવવામાં આવ્યું છે કે તેમના ખાતામાં રકમ જમા થઈ ગઈ છે. સ્કેમર પછી કૉલ કરે છે, દાવો કરે છે કે ટ્રાન્ઝેક્શન ભૂલ હતી, અને પીડિતને પૈસા પરત કરવા કહે છે. જો કે, ટેક્સ્ટ મેસેજ બેંક તરફથી નથી, અને કોઈ વાસ્તવિક નાણાં ટ્રાન્સફર કરવામાં આવ્યા નથી. તમે કાર્યવાહી કરતા પહેલા પૈસા પ્રાપ્ત થયા છે કે કેમ તેની પુષ્ટિ કરવા માટે તમારું બેંક એકાઉન્ટ તપાસો.

**૯. કપટપૂર્ણ KYC અપડેટ્સ**

સ્કેમર્સ એક લિંક ઉપર ક્લિક કરીને પીડિતને તેમની KYC વિગતો અપડેટ કરવાની વિનંતી કરતા SMS, કૉલ અથવા ઈ-મેલ મોકલી શકે છે. લિંક પીડિતને એક વેબસાઈટ પર નિર્દેશિત કરે છે જે તેમના ઉપકરણની ઍક્સેસ મેળવે છે અને વ્યક્તિગત માહિતી ચોરી કરે છે. બેંકો ક્યારેય કેવાયસીના ઓનલાઈન અપડેટ માટે લિંક્સ મોકલતી નથી. તેઓ હંમેશા બ્રાન્ચની મુલાકાત અથવા વ્યક્તિગત રીતે વાતચીત કરવાનો આગ્રહ રાખે છે.

**૧૦. નકલી ટેક્સ રિફંડ**

કરદાતાઓ કે જેમણે તેમનું ટેક્સ રિટર્ન ફાઈલ કર્યું છે અથવા રિફંડની રાહ જોઈ રહ્યા છે તેઓને કર અધિકારીઓ તરીકે સ્કેમર્સનો કૉલ આવી શકે છે. તેઓ રિફંડ પ્રક્રિયાને ઝડપી બનાવવા બેંક વિગતોની વિનંતી કરે છે. એકવાર તેઓ વિગતો મેળવે છે, તેઓ બેંક ખાતું ખાલી કરે છે. ટેક્સ વિભાગ કરદાતાને સીધા SMS અને મેઈલ મોકલે છે. તેની પાસે પહેલાથી જ કરદાતાની બેંક વિગતો હોય છે.

# રાજ્યમાં પીએસઆઈ અને લોકરક્ષક (LRD)ની ભરતી માટે ૨૫ નવેમ્બર આસપાસ શારીરિક કસોટી

## શારીરિક કસોટીમાં સફળ થનારા ઉમેદવારો લેખિત પરીક્ષા સુધી પહોંચશે : હસમુખ પટેલ

ગાંધીનગર, તા.૨૨

ગુજરાતમાં પોલીસ વિભાગમાં ભરતીની તૈયારીઓ યુવાનો દ્વારા કરવામાં આવી રહી છે. આ ભરતી અંગે પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે કેટલીક મહત્વની માહિતી આપી છે. જે યુવાનોએ પીએસઆઈ અને લોકરક્ષક કે પછી પીએસઆઈ અને લોકરક્ષક એમ બંને ફોર્મ ભર્યા છે તેમને કેટલીક મુઝવણો થઈ રહી છે તે અંગેની સ્પષ્ટતા પણ હસમુખ પટેલ દ્વારા કરવામાં આવી છે. હસમુખ પટેલે લેભાગુ તત્વોથી યુવાનોને સાવધાન રહેવા માટે પણ જણાવ્યું છે અને જે યુવાનોએ હજુ સુધી તૈયારી શરૂ કરી નથીર તેમનો ઉત્સાહ વધે તેવી કેટલીક બાબતો પણ તેમણે જણાવી છે જે યુવાનોને તેમના જીવનમાં ઉપયોગી થઈ શકે છે. પોલીસ ભરતીના વડા હસમુખ પટેલે આ અંગે જણાવ્યું કે, પોલીસ ભરતીની શારીરિક કસોટીની કામગીરી ૨૫ નવેમ્બરની આસપાસ યોજવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં પીએસઆઈ અને લોકરક્ષક ભરતીની શારીરિક કસોટી યોજવામાં આવશે. આવામાં જે યુવાનોએ પીએસઆઈ અને પીએસઆઈ-લોકરક્ષક બન્ને માટે ફોર્મ ભર્યા છે તેમની શારીરિક કસોટી યોજાશે અને તે બાદ તેની લેખીત પરીક્ષાની કામગીરી યોજાશે. આમ, હજુ સુધી પોલીસ ભરતીની લેખીત પરીક્ષાની તૈયારી કરવામાં આવી રહી છે, હસમુખ પટેલે આપેલી માહિતી ઉપરથી એ સ્પષ્ટ થયું છે કે પહેલા PSI કે પછી PSI અને લોકરક્ષક બંને પરીક્ષા માટે ફોર્મ ભર્યા છે તેમની શારીરિક કસોટી યોજાશે. અને તે પછી માત્ર લોકરક્ષક માટે ફોર્મ ભર્યું છે તેમની શારીરિક કસોટી યોજવામાં આવશે. શારીરિક કસોટીમાં સફળ થનારા ઉમેદવારો લેખીત પરીક્ષા સુધી પહોંચશે. PSIની લેખિત કસોટી ડિસેમ્બર અંત અથવા જાન્યુઆરીમાં યોજાઈ શકે : લોકરક્ષકની લંખિત કસોટી જાન્યુઆરીના અંત અથવા ફેબ્રુઆરીમાં લેવાઈ શકે. તેમણે પરીક્ષાઓ ક્યારે યોજાશે તેની સ્પષ્ટ તારીખ આપી નથી પરંતુ SSCની પરીક્ષા પહેલા આ બન્ને પરીક્ષાઓ પૂર્ણ થાય તેવી કામગીરી કરવાનું આયોજન છે તેમ જણાવ્યું છે. આ માટે તેમણે યુવાનને તૈયારી કરવાની સલાહ આપી છે. જે યુવાનોએ હજુ સુધી શારીરિક કસોટી માટે તૈયારી કરી નથી તેમની પાસે પૂરતો સમય છે અને તેમણે તૈયારીઓ શરૂ કરી દેવી જોઈએ તેવી વાત હસમુખ પટેલે કરી છે. તેમણે કહ્યું કે, ગુજરાતના જે પોલીસ એકમો છે અને તેમાં મેદાન હોય ત્યાં યુવાનો રનિંગ પ્રેક્ટિસ માટે જઈ શકે તે માટે હસમુખ પટેલ પત્ર લખીને જે તે એકમોને જાણ કરશે. આ સાથે તેમણે યુવાનોને એવી સલાહ પણ આપી છે કે જે યુવાનોની પરીક્ષા માટે તૈયારી નથી કરી તેમણે પણ ભાગ લેવો જોઈએ જેથી કરીને આગામી સમયમાં તેઓને મનોબળ મજબૂત બનાવવામાં આ કસોટીઓ મદદરૂપ થઈ શકે છે. હેલ્પલાઈન અંગે માહિતી આપતા તેમણે જણાવ્યું હતું કે, ‘સપ્ટેમ્બરમાં ફોર્મ ભર્યા ત્યારે હેલ્પલાઈન શરૂ કરી હતી અને હજુ તે નંબર ચાલુ જ છે. અમે શારીરિક કસોટી માટે કોલલેટર ઈશ્યૂ કરીશું ત્યારે પણ હેલ્પલાઈનનો ઉપયોગ કરીશું. બે વખત ફોર્મ ભર્યા છે તેમના ફોર્મ મર્જરની પ્રક્રિયા ચાલુ છે. આ અંગે અમે વેબસાઈટમાં માહિતી આપીશું. ગત વખત જે ૧૫ થી ૧૭ લોકેશન હતા એ જ લોકેશન રહેશે.

# આયુર્વેદિક દવાની આડમાં એલોપેથિક દવા ભેળવવાના રેકેટનો પર્દાફાશ કરાયો

ગાંધીનગર,તા.૨૨

ગુજરાતના નાગરિકોને જીવન જરૂરી દવાઓ શુદ્ધ અને ગુણવત્તાયુકત મળી રહે અને બનાવટી ગેરકાયદે દવાઓ ભેળસેળયુકત ખાદ્ય પદાર્થોથી બચે તે જોવાની રાજય સરકારની જવાબદારી છે ત્યારે બીજી તરફ રાજયમાં બનાવટી દવા તથા ભેળસેળયુકત પદાર્થો બેરોકટોક વેચાણમાં હોવાની વિગતો બહાર આવતી રહે છે. જેમાં વધુ એકવાર ભેળસેળવાળી દવાના ઉત્પાદનના રેકેટનો રાજયમાં પર્દાફાશ થયો છે. આયુર્વેદિક દવામાં એલોપેથીક દવાની ભેળસેળ કરી ઉત્પાદન અને વેચાણ કરતાં નવસારીના કાંગવાઈ ગામે રહેતા ઈમરાન સુલેમાન મોલધારીયા નામના વ્યક્તિને ઝડપી પાડવામાં આવ્યો હતો. આ વ્યક્તિ પાસેથી આશરે રૂા. ૯૦ હજારની એલોપેથીક દવાઓ તથા આયુર્વેદિક દવાઓનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. તંત્ર દ્વારા ડાયાબિટીસને લગતી આયુર્વેદિક દવાઓમાં એલોપેથીક દવા હોવાની શંકાને ધ્યાને રાખી આયુર્વેદિક દવાના ચકાસણી અર્થે અલગ અલગ કુલ ૧૦ દવાઓના નમૂનાઓ લઈ પૃથક્કરણ કરવા માટે ખોરાક અને ઔષધ પ્રયોગશાળા, વડોદરા ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. આ અંગે ગુજરાતના ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડૉ. એચ.જી.કોશિયાએ જણાવ્યું હતું કે ફલાઈંગ સ્કોડના વડા એ.એ.રાદડિયા અને તેમની ટીમ, વડી કચેરીના અધિકારી તથા નવસારીના મદદનીશ કમિશ્નર જે.પી.પટેલ અને અન્ય અધિકારીઓને સાથે રાખીને આ કાર્યવાહી કરવામાં આવી હતી. આ ગેરકાયદેસર રીતે દવાનું ઉત્પાદન તેમજ વેચાણમાં સંડોવાયેલા વ્યક્તિ વિરૂધ્ધ દવાના પૃથ્થકરણ અહેવાલ આવ્યેથી કડક કાયદેસરની કાનુની કાર્યવાહી કરવામાં આવશે.

# વિશ્વના ફક્ત સાત બેટ્સમેનોએ જન્મદિવસે વન-ડેમાં સદી ફટકારી છે

નવી દિલ્હી, તા.૨૨

સદી ફટકારવાનું દરેક બેટ્સમેનનું સ્વપ્ન હોય છે અને મોટાભાગના બેટ્સમેનોનું આ સ્વપ્ન સાકાર પણ થઈ જાય છે પણ વિશ્વના ફક્ત સાત બેટ્સમેનો જ એવા છે જેમણે પોતાના જન્મદિવસે વન-ડે ક્રિકેટમાં સદી ફટકારી છે. વન-ડે ક્રિકેટમાં દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલીના નામે સૌથી વધારે સદી છે. જન્મદિવસે વન-ડેમાં સૌથી પહેલીવાર ભારતના વિનોદ કામ્બલીએ સદી ફટકારી હતી. કામ્બલીએ ૧૮ જાન્યુઆરી ૧૯૯૩ના રોજ ઈંગ્લેન્ડ વિરૂધ્ધ આ કમાલ કર્યો હતો. વન-ડે ક્રિકેટમાં સચિન તેન્ડુલકરે ૨૪ એપ્રિલ ૧૯૯૮ના રોજ પોતાના જન્મદિવસે ઓસ્ટ્રેલિયા વિરૂધ્ધ શારજાહમાં સદી ફટકારી હતી. શ્રીલંકાના સનથ જયસૂર્યાએ ૩૦ જૂન ૨૦૦૮ના રોજ પોતાના જન્મદિવસે બાંગ્લાદેશ વિરૂધ્ધ્ કરાચીમાં સદી ફટકારી હતી. ન્યુઝીલેન્ડના રોસ ટેલરે ૮ માર્ચ ૨૦૧૧ના રોજ પાકિસ્તાન વિરૂધ્ધ પોતાના જન્મદિવસે પલ્લેકલેમાં શતકીય ઈનિંગ રમી હતી.

# ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે ભારતીય ટીમની જાહેરાત કરાઈ

નવી દિલ્હી, તા.૨૨

ભારતીય પ્રશંસકો માટે એક ખુશખબરી સામે આવી છે. ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે વિસ્ફોટક વિકેટકીપર બેટ્સમેન ઈશાન કિશાનને મોકો આપવામાં આવ્યો છે. ઘરેલૂ ક્રિકેટમાં તાબડતોડ રન વરસાવનાર ખૂંખાર વિકેટકીપર બેટ્સમેન ઈશાન કિશાન ઉપર સેલેક્ટર્સે ભરોસો જતાવ્યો છે. જો કે, ઈશાન કિશાનને ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે ભારતીય એ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ઋતુરાજ ગાયકવાડ સિવાય ૧૫ સભ્યોવાળી ટીમમાં અન્ય ઓપનિંગ બેટ્સમેનોમાં અભિમન્યુ આશ્વરન અને સાઈ સુદર્શનને પણ પણ સામેલ કરવામાં આવ્યો છે. આનું સૌથી મોટું કારણ એ છે કે ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે ભારતીય ટેસ્ટ ટીમમાં રિઝર્વ ઓપનરની જરૂર પડી શકે છે, કારણ કે રોહિત શર્મા અંગત કારણોસર બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પ્રથમ બે મેચમાંથી એક મેચ ગુમાવી શકે છે. ઓસ્ટ્રેલિયા છ સામે ભારતીય છ ટીમનો આ પ્રવાસ કેટલાક ખેલાડીઓને બેકઅપ તરીકે ભારતીય ટેસ્ટ ટીમમાં સામેલ થવાની સારી તક આપી શકે છે. દેવદત્ત પડિકલ, બી ઈન્દ્રજીત અને રિકી ભુઈ ભારત છ ટીમના મિડલ ઓર્ડર બેટ્સમેન હશે. જ્યારે અભિષેક પોરેલ અને ઈશાન કિશનને વિકેટકીપર તરીકે ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. નીતીશ કુમાર રેડ્ડી, તનુષ કોટિયન અને માનવ સુથાર ટીમના ઓલરાઉન્ડર હશે. આ સાથે જ ટીમના ફાસ્ટ બોલિંગ આક્રમણમાં મુકેશ કુમાર, નવદીપ સૈની, ખલીલ અહેમદ અને યશ દયાલનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૨૯ વર્ષીય ઈશ્વરન પહેલા પણ ૨૦૨૨માં બાંગ્લાદેશ પ્રવાસ ઉપર ભારતની ટેસ્ટ ટીમનો ભાગ રહી ચૂક્યો છે. ઉપરાંત, તે આ ઘરેલૂ સીઝનમાં શાનદાર ફોર્મમાં છે. તેણે દુલીપ ટ્રોફીમાં બે સદી અને ઈરાની ટ્રોફીમાં એક સદી ફટકારી હતી. રણજી ટ્રોફીમાં પણ તેણે સદીની શરૂઆત કરી હતી. ૨૩ વર્ષીય સુદર્શને ઓગસ્ટમાં ઈંગ્લિશ કાઉન્ટી સરે માટે સદી ફટકારી હતી. ત્યારબાદ દુલીપ ટ્રોફીમાં બીજી સદી ફટકારી. દિલ્હીમાં તમિલનાડુ સામે ચાલી રહેલી રણજી ટ્રોફી મેચમાં પણ બેવડી સદી ફટકારી છે. ૨૧ વર્ષીય ઓલરાઉન્ડર નીતીશે આ મહિનાની શરૂઆતમાં બાંગ્લાદેશ વિરૂદ્ધ ભારત માટે હર્નીયાથી સ્વસ્થ થયા બાદ ટી૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું અને હાલમાં તે ન્યુઝીલેન્ડ સામેની હોમ સીરીઝ માટે ભારતીય ટેસ્ટ ટીમનો રિઝર્વ ખેલાડી છે. ભારતીય પસંદગીકારો તેને પ્રતિભાશાળી ઓલરાઉન્ડર તરીકે જોઈ રહ્યા છે જે વધુ અનુભવ અને અવસરો સાથે સુધાર કરી શકે છે. ઈન્ડિયા એની ટીમ ૩૧ ઓક્ટોબરથી મેકોપમાં અને ૭ નવેમ્બપથી મેલબર્નમાં ઓસ્ટ્રેલિયા એ વિરૂદ્ધ બે ચાર દિવસીય મેચ રમશે. ત્યારબાદ તે ૧૫થી ૧૭ નવેમ્બરની વચ્ચે પર્થમાં ભારતીય ટીમ વિરૂદ્ધ એક વાર્મ અપ મેચ રમશે. ત્યારબાદ ૨૨ નવેમ્બરે ઓસ્ટ્રેલિયા વિરૂધ્ધ પહેલી ટેસ્ટ શરૂ થશે.

# ભાજપના મંત્રીની ખુલ્લી ચેલેન્જ ગાંધી પરિવાર ૩ લાખ વોટ મેળવે તો પણ હું રાજકારણ છોડી દઈશ

## દિનેશ સિંહે ગાંધી પરિવારને કહ્યું હતું કે, હું આ તમામ ગાંધીઓને રાયબરેલીમાં ચૂંટણી લડવા માટે આમંત્રણ આપું છું

લખનૌ, તા.૨૨

ઉત્તરપ્રદેશ સરકારના રાજ્યમંત્રી દિનેશ પ્રતાપ સિંહે પ્રિયંકા ગાંધીને ’વૃદ્ધ’ કહ્યા ત્યારથી UPમાં રાજકીય વાતાવરણ ગરમાયું છે. દરમ્યાન દિનેશ પ્રતાપ સિંહે ફરી એકવાર સમગ્ર ગાંધી પરિવારને વાયનાડથી લોકસભા પેટાચૂંટણી લડવા ઉપર કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી ઉપર હુમલો કર્યો અને સમગ્ર ગાંધી પરિવારને ‘પલાયનવાદી’ ગણાવ્યા. આ સાથે ખુલ્લો પડકાર પણ ફેંક્યો છે. દિનેશ સિંહે એક ખુલ્લા પત્ર દ્વારા ગાંધી પરિવારને પડકાર ફેંક્યો હતો અને કહ્યું હતું કે, ‘હું આ તમામ ગાંધીઓને રાયબરેલીમાં ચૂંટણી લડવા માટે આમંત્રણ આપું છું, જ્યારે પણ ઈચ્છે ત્યારે પંજાના નિશાન સાથે કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર તરીકે દિનેશ પ્રતાપસિંહ સામે એકલા હાથે ચૂંટણી લડે અને ત્રણ લાખ મત મેળવી લે હું રાજકારણમાંથી નિવૃત્ત થઈશ. હાલમાં જ એક ટિપ્પણીમાં સિંહે પ્રિયંકા ગાંધીને બુઢ્ઢી’ કહ્યા હતા. ત્યારબાદ NSUI કાર્યકર્તાઓએ રાજ્યની રાજધાનીના વીઆઈપી ગૌતમ પલ્લી વિસ્તારમાં મંત્રીના સત્તાવાર નિવાસ સ્થાન ઉપર નેમપ્લેટ કાળી કરી અને મુખ્ય દરવાજા ઉપર પેઈન્ટથી ‘ચોર’ લખી દીધું. નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયા (NSUI)ના કાર્યકરોએ મંત્રીના સત્તાવાર નિવાસસ્થાનની બહાર આંદોલન શરૂ કર્યું હતું, જેના કારણે વિરોધીઓને કાબૂમાં લેવા માટે પોલીસ તૈનાત કરવામાં આવી હતી. NSUI કાર્યકર્તાઓ પ્રિયંકા ગાંધી વાડ્રા સામેની તેમની ટિપ્પણીની નિંદા કરતા પ્લેકાર્ડ અને પોસ્ટરો લઈને સિંહના નિવાસસ્થાનની આસપાસ ઘેરો ઘાલ્યો હતો અને ‘દિનેશ પ્રતાપ મુર્દાબાદ’ જેવા નારા લગાવ્યા હતા. આ પછી રાજ્યમંત્રીએ એક પત્ર જારી કરીને કહ્યું કે, મારા માટે ભારતીય મૂલ્યો અને સંસ્કૃતિ ધરાવતી ભારતની દરેક મહિલા માતા ભગવતી સમાન છે, પરંતુ પ્રિયંકા ગાંધીની જીવનશૈલી, આચાર, ખાનપાન વગેરે ભારતીય સંસ્કૃતિને મળતું નથી. રાજ્યમંત્રીએ પત્રમાં કહ્યું, ‘જ્યારે એ વાત સાચી છે કે પ્રિયંકાએ માત્ર હારના ડરથી જ રાયબરેલીથી ચૂંટણી લડી ન હતી, તો તે માત્ર વાયનાડથી જ ચૂંટણી કેમ લડવા જઈ રહી છે ? લાંબા સમય સુધી કોંગ્રેસમાં રહેલા દિનેશ સિંહ ભાજપમાં જોડાયા ત્યારથી ગાંધી પરિવાર ઉપર આક્રમક છે. તેમણે પત્રમાં કહ્યું, ‘‘એ વાત સાચી છે કે આ ‘ગાંધી’ પલાયનવાદી છે. જ્યાં સુધી સોનિયા ગાંધી અમેઠી અને રાયબરેલીમાંથી ખાદ્ય રસદ મળતી રહી ત્યાં સુધી તેઓ અમેઠી અને રાયબરેલીના રહ્યા, જ્યારે તેમણે જોયું કે તેઓ હારી જશે, ત્યારે તેઓ રાજસ્થાન ભાગી ગયા. સિંહે કહ્યું, ‘તે જ રીતે રાહુલ ગાંધી પહેલાં અમેઠી છોડીને ગયા હતા વાયનાડ’ અને પછી તેમણે રાયબરેલી માટે વાયનાડ છોડી દીધું અને હવે પ્રિયંકા ગાંધી પોતાનું ઘર, સાસરૂં, મામાનું ઘર, રાયબરેલી, અમેઠી છોડીને વાયનાડમાં જઈ રહી છે. એ જ રીતે હાર્યા પછી ઈન્દિરા ગાંધી પણ રાયબરેલી છોડીને મેઢક (આંધ્રપ્રદેશ) ચાલી ગઈ ત્યારે પણ સવાલ ઉઠ્યા હતા. દિનેશસિંહ તાજેતરમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સામે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે રાયબરેલીથી લોકસભા ચૂંટણી ઐતિહાસિક માર્જિનથી હારી ગયા હતા. આ પહેલાં ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં સોનિયા ગાંધીએ તેમને રાયબરેલીમાં હરાવ્યા હતા. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી વાયનાડ અને અમેઠીની બે બેઠકો ઉપરથી લડી હતી અને બંને બેઠકો જીતી હતી. તેમણે વાયનાડ ખાલી કરી આ બેઠક ઉપર પેટાચૂંટણી જરૂરી છે. પાર્ટીએ આ સીટ માટે પ્રિયંકા ગાંધીને ઉમેદવાર બનાવ્યા છે.

# સોમનાથ ખાતે તા.૧૧ થી ૧૫ નવેમ્બર દરમ્યાન યોજાશે કાર્તિક પૂર્ણિમાનો મેળો

## સોમનાથ ટ્રસ્ટે તૈયારીઓનો કર્યો ધમધમાટ, સાંસ્કૃતિક કાર્યક્રમો, વિવિધ રાઈડ્સો મેળાના મુખ્ય આકર્ષણો

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨૨

ભારત બાર જયોર્તિલીંગના પ્રથમ ભગવાન સોમનાથ મહાદેવનો સુપ્રસિધ્ધ પંચ દિવસીય કાર્તિક પૂર્ણિમાનો મેળો વિક્રમના ઉઘડતા વર્ષ નવેમ્બર માસની ૧૧ થી ૧૫ તારીખ સુધી સોમનાથ બાયપાસ પાસે આવેલ સદ્ભાવના મેદાન ખાતે યોજાશે.

જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ આ અંગે તડામાર તૈયારીઓનો પ્રારંભ કરી દીધો છે. મહાભારત અને પુરાણોમાં ઉલ્લેખ થયા મુજબ શિવે ત્રિપુર નામના અસુરોના લોખંડ, ચાંદી અને સોનાના નગરોનો નાશ કર્યો હતો તે દિવસ કાર્તિક પૂર્ણિમા હતી. અને અસુરોના કષ્ટમાંથી મુક્તિ મળતા ત્રણ લોકોમાં મહાઉત્સવ થયો. તેની યાદમાં ભગવાન સોમનાથના સાંનિધ્યમાં આ મેળો યોજવાનો નિર્ણય સોમનાથ ટ્રસ્ટી મંડળે તા.૨૭-૨-૧૯૫૫ના રોજ મળેલી ટ્રસ્ટી કનૈયાલાલ મુનશીજીના પ્રસ્તાવથી નકકી કરાયું હતું ત્યારથી અહીં મેળો ઉજવાય છે. મેળામાં ખાનપાન સ્ટોલો, પ્રદર્શનો, રાઈડ્સો, સાંસ્કૃતિક કાર્યક્રમો, મહાપૂજા, મહાઆરતી સહિતના કાર્યક્રમો યોજાય છે.

# 'નોધારાનો આધાર શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ' દ્વારા પાંચ ગરીબ પરિવારોને પાકા મકાન બનાવી અપાયા




જૂનાગઢ તા. ૨૨

સેવા મારૂ કર્મ સેવા મારો ધર્મ સૂત્ર સાથે ચાલતી સંસ્થા શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જૂનાગઢ ના ૫૦ વર્ષ ના ઈતિહાસરનું સૌથી મોટું સેવા કાર્ય નોધારાનો આધાર ઘરના ઘર પાંચ ગરીબ ઝુપડાંવાળાને વિનામૂલ્યે પાકા મકાન બનાવી આપવામાં આવેલ. આ તકે સંસ્થાના મેને. ટ્રસ્ટી આશિષભાઈ એમ. રાવલ તથા કો.મેને. ટ્રસ્ટી રાજુભાઈ વ્યાસની યાદીમાં જણવવામાં આવેલ છે કે માણસ સવારે ભૂખ્યો ઉઠે છે પણ રાત્રે ભૂખ્યો સૂતો નથી પણ કોઈને આશરો એટલે કે ઘરનું ઘર આપવું એ ખુબજ મહત્વનું છે. અને ખરા દિલની સેવા છે. આ પ્રસંગે જરૂરિયાતમંદ ઝુપડાંવાળા લોકોનો ગૃહ પ્રવેશ જૂનાગઢના સાંસદ રાજેશભાઈ ચુડાસમા, નોબલ ગ્રુપના કે.ડી. પંડ્યા, આલ્ફા સ્કૂલ જી.પી. કાઠી તથા મેંદરડા આશ્રમના સાધ્વી ક્રિષ્નાદાસજી તથા શાસ્ત્રી રવિભાઈ દવે, મોટી મોણપરી વાળા, નાગભાઈ વાળા મંત્રોચાર દ્વારા ઉદઘાટન કરી ગૃહપ્રવેશ કરાવવામાં આવેલ તથા પ્રાસંગીક ઉદ્બોધન રાજેશભાઈ ચુડાસમા દ્વારા કરવામાં આવેલ હતું આ ઐતિહાસિક શુભ પ્રસંગે મુખ્ય મેહમાન અમુભાઈ પાનસુરીયા માર્કંડભાઈ જોષી, યંશવન્તભાઈ પાઠક, આંનદભાઈ ભટ્ટ, સમીરભાઈ પારેખ, મુનાભાઈ બોઘરા, જીતેન્દ્રભાઈ પંડીયા, ધવલભાઈ પટેલીયા, ડો. હેમલસિંહ ઠાકુર રસિકભાઈ પોપટ, વિપુલભાઈ આડતીયા તથા ઓન્લી ઈન્ડિયન હાજર રહેલા આ શુભપ્રસંગને સફળ બનાવા ઈન્ચાર્જ પ્રમુખ હીનાબેન જાની, ટ્રસ્ટી કિશોરભાઈ ખંભોળિયા, પરેશભાઈ પરમાર, મિત્તલભાઈ મજીઠીયા, અનિલભાઈ સૂબા નિશીથભાઈ રાવલ, વિપુલભાઈ દવે, હરેશભાઈ પુરોહિત, યોગેશભાઈ જોશી, કિશોરભાઈ જાની, અજયભાઈ પુરોહિત, દેવ ભાનુશાલી, નિલેશભાઈ પુરોહિત, ઘનશ્યામભાઈ પરમાર, હિતેષભાઈ કોટક, જયભાઈ ઝાંઝમેરીયા તથા શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટની બહેનો નયનાબેન પારેખ, શિલ્પાબેન ગોસ્વામી, નિર્મલબેન સાહું, લતાબેન ભાનુશાળી દ્વારા જેહમત ઉઠાવવામાં આવેલ હતી.

## બાંટવા : રૂા.૪૫ હજારની છેતરપિંડીની બે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ જીલ્લાના બાંટવા ખાતે સોનાના કંગનને ઉજળા કરવાની લાલચ આપી રૂા.૪૫ હજારની છેતરપિંડી કરવામાં આવી હોવાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર આશાબેન હરીલાલ જેઠાનંદ(ઉ.વ.૬૦) રહે.બાંટવા વાળાએ બે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના બે અજાણ્યા શખ્સોને ફરિયાદીને હાથના રહેલ સોનાના કંગનને લીકવીડ પાઉડરથી એકદમ ઉજળા કરવાની લાલચ આપી આશરે પોણા તોલા જેટલું સોનુ ઓગાળી રૂા.૪૫ હજારની છેતરપિંડી કર્યાની ફરિયાદ નોંધાવતા બાંટવા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દ્વારકાધીશ જગત મંદિરમાં રવિવારના એક જ દિવસમાં પાંચ મનોરથ યોજાયા

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૨૨



દ્વારકાના જગતમંદિરમાં આજે રવિવારના રોજ ઠાકોરજીને સવારે મંગલા આરતીથી સાંજે સંધ્યા આરતી સુધીમાં એક જ દિવસમાં પાંચ મનોરથ દર્શનો યોજવામાં આવ્યા. પાંચ અલગ અલગ યજમાનો દ્વારા વારાદાર જયેશભાઈ પૂજારીના સૌજન્યથી યોજવામાં આવનાર પાંચ મનોરથોમાં સવારે ૬.૩૦ કલાકે મંગલા આરતી સમયે ઠાકોરજીને સુકામેવા પાનબીડા માખણ મીસરી ભોગ મનોરથ યોજાયો. બાદમાં સવારે ૯.૦૦ વાગ્યે ખીર દહીંથરા સાથેનો કુનવારા ભોગ મનોરથ યોજાયો તેમજ સવારે શૃંગાર આરતી સમયે ૧૧.૦૦ વાગ્યે અન્નકૂટ મનોરથ યોજવામાં આવેલ. અને સાંજે ૫.૦૦ વાગ્યે સુકામેવા ભોગ તેમજ સાંજે ૭.૩૦ વાગ્યે સંધ્યા આરતી સમયે સુકા મેવા મનોરથ યોજાયો પૂજારી જયેશભાઈના સહયોગથી ઠાકોરજીને વિશેષ વાઘા, અલંકારો, મોરમુકુટ,શંખ, ચક્ર,ગદા,પદમ સાથે અલૌકિક દર્શનની ઝાંખી કરવામાં આવી. આ ઉપરાંત દરેક ભોગમાં નિત્યક્રમની ચાર આરતી સિવાય મનોરથની ઉત્સવ આરતી પણ કરવામાં આવી હતી.

# ઉના ખાતે સ્વામિનારાયણ ગુરૂકુળ રાજકોટ સંસ્થા દ્વારા નિર્માણધિન ગુરૂકુળ અને મંદિરના ખાત મુહુર્ત અને શિલાન્યાસ કાર્યક્રમ યોજાયો

## રાજયપાલ આચાર્ય દેવવ્રત, શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયા અને વિધાનસભા દંડક કૌશિક વેકરીયા રહ્યા ઉપસ્થિત

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૨૨







ઉનામાં સ્વામિનારાયણ ગુરૂકુળ રાજકોટ સંપ્રદાયનું એક પણ મંદિર ન હોવાથી ગીર ગઢડા રોડ ઉપર આવેલ ઈન્ડસ્ટ્રીઝ પાસેના ભાગે રાજકોટ ગુરૂકુળ સંસ્થા દ્વારા સ્વામિનારાયણ મંદિર અને ગુરૂકુળ ભૂમિપૂજન શિલાન્યાસ સમારોહનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. સામાજિક, નૈતિક, શૈક્ષણિક તથા આધ્યાત્મિક ઉત્કર્ષના સેવા કાર્યોની ભગીરથી વહાવતા સ્વામિનારાયણ ગુરૂકુળ રાજકોટ સંસ્થાના મંદિરોનું સમાજમાં અનેરૂ યોગદાન છે. ત્યારે ઉનામાં પણ આ ૬૧ મી શાખાનું નવું સ્વામિનારાયણ મંદિર બને તે માટેના આયોજનમાં રવિવારે સવારે સ્વામિનારાયણ ગુરૂકુળ સંપ્રદાયના સંતો, મહંતો તેમજ ભક્તો અને કાર્યકરોની ઉપસ્થિતિમાં નુતન મંદિર ભૂમિ પૂજન અને શિલાન્યાસ સમારોહ યોજાયો. જેમાં ગુજરાત સરકારના રાજયપાલ આચાર્ય દેવવ્રત, રાજકોટ ગુરૂકુળ સંસ્થાના સ્વામિનારાયણ મંદિરના કોઠારી સ્વામી, શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયા વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉના ગીર ગઢડા રોડ યોજવામાં આવેલા આ કાર્યક્રમમા રાજયપાલ આચાર્ય દેવવ્રત હવાઈ મારફતે સ્યુગર ફેકટરી ગ્રાઉન્ડ આવેલા અને ત્યારબાદ ભૂમિપૂજન અને શિલાન્યાસ કરેલ. ત્યારબાદ મહોત્સવ સભા તથા મહાપ્રસાદ સહિતના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સ્વામિનારાયણ ભક્તો જોડાયા હતા. કરોડોના ખર્ચે તૈયાર થનારૂ આ સ્વામિનારાયણ મંદિર ૬ માસમાં તૈયાર કરવાનું અને જેમાં નીલકંઠવર્ણી ભગવાનનું એક મંદિર અને ધોરણ ૧ થી ૧૨ સુધી નો શિક્ષણ વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. આ સિવાય અહી ઉના અને ગીર ગઢડા વિસ્તારના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવાના પ્રયાસ રૂપે અહી એક પ્રાકૃતિક ખેતીને લાગતી માહિતી આપતું ખાસ ખેડૂત કેન્દ્ર પણ શરૂ કરવામાં આવશે. અહીં આ ગુરૂકુળના ભૂમિપૂજન અને મંદિરના શિલાન્યાસમાં દાતાઓએ ખુલ્લા હાથે દાન સ્વરૂપે સેવા આપી છે. રાજયપાલ આચાર્ય દેવવ્રત દ્વારા પોતે પણ ગુરૂકુળમાં અભ્યાસ કર્યો હોવાની વાત જણાવી અને હાલ ૩ થી વધુ ગુરૂકુળની જવાબદારી સંભાળે છે એ વાત કરી.

# ખંભાળિયા: પશુઓને અકસ્માતથી રક્ષિત કરવા રેડિયમ રિફલેટર લગાવાયા, પોલીસ તંત્રની પ્રેરણા રૂપ કામગીરી

જામ ખંભાળિયા, તા. ૨૨



ખંભાળિયા તથા જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં રસ્તે રઝળતા ગૌવંશ સાથે અકસ્માતના બનતા બનાવોને ધ્યાનમાં લઈને દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ જુદા જુદા વિસ્તારોમાં પશુઓ પર રિફલેકર લગાવવામાં આવ્યા છે.

ખાસ કરીને હાઈવે પર દોડતા અકસ્માતોમાં રસ્તા પર રહેલા પશુઓ તેમજ બેફામ જતા વાહન ચાલકોની બેદરકારીના કારણે અકસ્માતના બનાવ સામે રક્ષણ મળી રહે તે હેતુથી ખંભાળિયાને ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ જિલ્લા ટ્રાફિક શાખા ઉપરાંત ખંભાળિયા, સલાયા, વાડીનાર અને ભાણવડ પોલીસ દ્વારા નેશનલ હાઈવે પર રહેલા અને અવર-જવર કરતા પશુઓ (ગૌવંશ) પર રિફલેકટર (લાલ રેડિયમ) લગાવવાની નોંધપાત્ર કામગીરી કરવામાં આવી હતી. જેનાથી ખાસ કરીને રાત્રિના સમયે દૂરથી આવી રહેલા વાહન ચાલકોને રસ્તા પર રહેલા પશુઓ દેખાઈ આવે અને અકસ્માત અટકાવી શકાય. આ કામગીરી ખાસ કરીને ગૌપ્રેમીઓમાં તેમજ વાહન ચાલકોમાં આવકારદાયક બની રહી છે.

## ઘાંટવડ ગામમાં કમોસમી વરસાદનાં કારણે ખેડૂતોને થયેલ નુકસાનનું વળતર ચૂકવવા માંગ

કોડીનાર તા. ૨૨



કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામમાં સતત માવઠા કમોસમી વરસાદના કારણે ખેડુતોની ઘણા મહિનાઓની મહેનતથી ઉભો કરેલ પાકને નુકશાન થયેલ છે. જેથી ખેડુતોમાં ચિંતાનો માહોલ ઉભો થયો છે. ખેડુતોની ઘણા મહિનાઓની કમરતોડ મહેનત તથા ખર્ચ કરી ચોમાસું પાકને તૈયાર કરેલ હોય જેમાં કુદરતી આફતના કારણે ખેડુતોની મહેનત ઉપર પાણી ફરી ગયેલ છે તે અનુસંઘાને ઘાંટવડ ગામના એક જાગૃત નાગરિક અને એક સારા સામાજિક કાર્યકર ઘાંટવડ ગ્રામ પંચાયતનાં ઉપ સરપંચ નટવરસિંહ ઝાલા દ્વારા ઉચકક્ષાએ રજુઆત કરવામાં આવી હતી અને એવું પણ કૃષિમંત્રી રાઘવજી પટેલને પત્ર લખીને જણાવ્યું હતું કે જલ્દીથી આ નુકસાનીનો સર્વે કરી ખેડૂતોને બમણો લાભ મળે તે હેતુથી ખેડુતોને વળતરની સહાય ચુકવવા સરકારશ્રીને વિનંતી કરવામાં આવી છે.

# દ્વારકા જિલ્લામાં વધુ એક વખત વરસાદી રાઉન્ડથી ખેતરોમાં વ્યાપક નુકસાની




## કલ્યાણપુરમાં અઢી, ખંભાળિયામાં દોઢ ઈંચ વરસાદ : અનેક ખેતરોમાં પાણી ભરાયા

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૨

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા ત્રણેક દિવસથી અવિરત રીતે જુદા જુદા વિસ્તારોમાં ભારે વરસાદ વરસ્યો હતો. જેમાં સૌથી વધુ કલ્યાણપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં અઢી ઈંચ તેમજ ખંભાળિયા તાલુકામાં દોઢ ઈંચ સુધીનો વરસાદ સરકારી ચોપડે નોંધાયો હતો. આ સાથે શનિવારે દ્વારકા તાલુકામાં પણ અડધા ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો. આ વરસાદના કારણે હાલાકી સાથે ખેતરોમાં નુકસાનીનો માહોલ જોવા મળ્યો હતો. વરસાદી માવઠાના શુક્રવારથી શરૂ થયેલા રાઉન્ડમાં શનિવારે દ્વારકા તાલુકામાં સાંજના સમયે અડધો ઈંચ (૧૫ મી.મી.) પાણી પડી ગયું હતું. જેના કારણે દ્વારકાના રસ્તાઓ પાણીથી તરબતર બન્યા હતા. જ્યારે ગઈકાલે રવિવારે કલ્યાણપુર તાલુકામાં વરસાદના ભારે વરસાદના કારણે સાંજે બે કલાક જેટલા સમયગાળા દરમિયાન સવા બે ઈંચ (૫૫ મી.મી.) તેમજ આ પૂર્વે શનિવારે ૪ મી.મી. પાણી પડી ગયું હતું. જેના કારણે આ માવઠાથી ગ્રામ્ય વિસ્તારોમાં ખેતરો પાણીથી તરબતર બની ગયા હતા. જ્યારે ખંભાળિયામાં પણ બે દિવસના અવિરત મેઘાવી માહોલ વચ્ચે રવિવારે દોઢ ઈંચ (૪૦ મી.મી.) પાણી પડી ગયું હતું. આ સાથે મોસમનો કુલ વરસાદ સૌથી વધુ ખંભાળિયામાં ૯૬ ઈંચ (૨૩૯૦ મી.મી.), દ્વારકામાં ૮૯ ઈંચ (૨૨૨૮ મી.મી.), કલ્યાણપુરમાં ૮૩ ઈંચ (૨૦૬૪ મી.મી.) અને ભાણવડમાં ૬૭ ઈંચ (૧૬૬૬ મી.મી.) થવા પામ્યો છે.

**અનેક ખેતરોમાં રહેલા પાક નિષ્ફળની સ્થિતિ**

જિલ્લામાં બે દિવસના વરસાદના કારણે સૌથી વધુ કલ્યાણપુર બાદ ખંભાળિયા તેમજ ભાણવડના કેટલા ગ્રામ્ય વિસ્તારોમાં વાવવામાં આવેલા મગફળી તથા કપાસના પાક માટે માવઠા ના કારણે અનેક સ્થળોએ પાક નિષ્ફળ જવાની પરિસ્થિતિ સર્જાય છે. ખેતરોમાંથી મગફળી કાઢી મુકેલા ખેડૂતોની મગફળી પર કમોસમી વરસાદથી માલ પલળી જવાના કારણે મગફળી ઉગવા માંડી છે. તો તૈયાર મગફળી કાઢવામાં ન આવતા તે જમીનમાં ફરી ઊગી નીકળે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. સતત ચાર માસથી વ્યવસ્થિત પાક માટે મહેનત કરતા ખેડૂતો માઠી દશામાં મુકાઈ ગયા છે અને દિવાળી પર્વે તેઓ માટે હોળીની સ્થિતિ સર્જાઈ છે.

**ભર ચોમાસે હોય તેવી પૂર જેવી પરિસ્થિતિ**

છેલ્લા આશરે એકાદ સપ્તાહ દરમિયાન ખંભાળિયા, ભાણવડ તથા કલ્યાણપુર તાલુકામાં ગ્રામ્ય વિસ્તારોમાં છ ઈંચ સુધીનો વરસાદ વરસે જતા ઘેરો અષાઢી માહોલ છવાઈ ગયો છે. ખંભાળિયા નજીકના માંઝા, કોલવા, ભટ્ટગામ, સુતારીયા વિગેરે ગામોમાં ભારે પવન તેમજ ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. કલ્યાણપુર તાલુકામાં શનિવારે તથા રવિવારે કલ્યાણપુર ઉપરાંત ભાટિયા, પાનેલી, દુધિયા, ધતુરીયા, ટંકારીયા, દેવળિયા, વિગેરે ગામોમાં ધોધમાર વરસાદ વરસી જતા ખેતર ઉપરાંત રસ્તાઓ પણ જાણે નદીમાં ફેરવાઈ ગયા હતા. જેના કારણે વાહન ચાલકો સાથે ધરતીપુત્રોએ પણ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. તૈયાર થઈ ગયેલા મગફળીના પાકોમાં ભારે વરસાદ પડતાં મહદ અંશે પાક બગડી ગયો છે. ઉપરાંત કેટલાક સ્થળોએ તો ઘાંસ સહિતની ખેતપેદાશ ઢોર પણ ન ખાય તેવી પરિસ્થિતિ થઈ ગઈ છે.

**જિલ્લામાં ૧૫ માંથી ૧૧ ડેમ ઓવરફ્લો**

દ્વારકા જિલ્લામાં આસો માસના અંતિમ દિવસોમાં પણ ભર ચોમાસા જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ત્યારે ગત સપ્તાહમાં છ થી સાત ઈંચ સુધીના વરસાદના કારણે જિલ્લાના જુદા જુદા તાલુકામાં રહેલા ૧૧ માંથી ૧૫ ડેમો હાલ ઓવરફલોની પરિસ્થિતિમાં છે. જે વચ્ચે ભાણવડના વર્તુ- ૨ ડેમના ચાર દરવાજા હજુ ખુલ્લા રાખવામાં આવ્યા છે. સાની ડેમ નજીકના હેઠવાસનો રસ્તો પણ હાલ બંધ રાખવામાં આવ્યો છે. જિલ્લામાં ઘી ડેમ, સિંહણ, વેરાડી-૧, વેરાડી- ૨, વર્તુ- ૧, કબરકા, સોનમતી, મિણસાર, શેઢાભાડથરી, ડેમ હજુ પણ ઓવરફ્લો થતાં નદીઓમાં પણ પૂરની પરિસ્થિતિ યથાવત જોવા મળી રહી છે. જિલ્લામાં હાલ વરસાદે ધરતીપુત્ર સાથે શહેરીજનોને પણ મુશ્કેલીમાં મૂકી દીધા છે. ત્યારે નજીક આવતા દિવાળીના તહેવારોમાં મેઘરાજા હવે ખમૈયા કરે તેમ સૌ કોઈ ઈચ્છી રહ્યા છે.

# મોટાકોટડા ગામે માધ્યમિક શાળામાં સાયબર ક્રાઈમ અંગેની સમજ આપતો સેમિનાર યોજાયો



વિસાવદર તા. ૨૨

જૂનાગઢ જીલ્લાના વિસાવદર તાલુકાના મોટા કોટડા ગામે આવેલી ગ્રામ પંચાયત માધ્યમિક શાળામાં સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ ગુજરાત રાજય ગાંધીનગરનાં સહયોગથી જૂનાગઢ સાયબર સેલ દ્વારા વિદ્યાર્થીઓમાં સાયબર ક્રાઈમ અંગે અવેરનેશ આવે તે હેતુથી સાયબર ક્રાઈમ પીએસઆઈ કોડીયાતર અને વિસાવદર પોલીસ સ્ટશનનાં પીઆઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ, સાયબર ફ્રોડ અંગેની શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું અને શિબિરમાં ઉપયોગી માહિતી આપેલ તેમજ પીપીટી દ્વારા વોલિયન્ટર યોજના, મેટરીમોનીયલ ફ્રોડ, કોલ સ્પ્રુફીંગ, વ્હોટ્સએપ અકાઉન્ટ હેક, ફ્રેન્ડશીપ ફ્રોડ, લોભામણી જાહેરાતોની લાલચમાં ફ્રોડ વગેરે તેમજ સાયબર કાયદા વિષે વિગતવાર સમજ આપેલ હતી. આ તકે મોટાકોટડા ગામના સરપંચ શોભનાબેન કાનાણી હાજર રહયા હતા અને અંતમાં શાળાના આચાર્ય પાઘડાર દ્વારા આભારવિધી કરવામાં આવી હતી.

# જૂનાગઢમાં છરીની અણીએ રૂા.૨૬.૮૦ લાખની સનસનીખેજ લૂંટ : ચકચાર

## કાળવા ચોક ખાતે ગઈકાલે સાંજે બનેલી ઘટના : ૩ શખ્સો સામે રાજકોટના યુવકે ફરિયાદ નોંધાવી

જૂનાગઢ તા.૨૨: જૂનાગઢ શહેરમાં ગઈકાલે સાંજના સમય કાળવા ચોક વિસ્તારમાં મોર્ડન લસ્સીની સામે જાહેર રોડ ઉપર બનેલા એક બનાવમાં છરીની અણીએ ધાકધમકીઆપી જાનથી મારી નાખવાની ધમકી આપી રૂા.૨૬.૮૦ લાખની સનસનીખેજ લૂંટનો બનાવ બનતા ભારે સનસનાટી મચી ગઈ છે. લૂંટના આ બનાવ અંગે એ ડિવિઝન પોલીસ સ્ટેશનના દફતરે નોંધાયેલી ફરિયાદની વિગતો એવી છે કે, રાજકોટમાં દૂધસાગર રોડ પર આવેલ ભગવતી સોસાયટીમાં રહેતા રમજાન હારુનભાઈ ઘાંચી ઉ.વ. ૩૦ નામના યુવાનને મયુરસિંહ સોલંકી જૂનાગઢમાં રૂપિયા ૨૬.૮૦ લાખની રોકડ રકમ આંગડિયુ કરવા માટે આપ્યા હતા.

આ રકમ લઈ ફરિયાદી રમજાન હારૂનભાઈ ઘાંચી આરોપી નં.૧ અયાન ઉર્ફે પાંચીયો સાથે રકમ આંગડીયું કરવા ગયેલ તે દરમ્યાન સાહેદ મયુરસિંહ સોલંકીએ રૂપિયાનો આંગડીયું કરવાની ના પાડતા તે રકમ લઈ ફરિયાદી પરત આવી રહેલ ત્યારે આરોપી અયાન ઉર્ફે પાંચીયો તેના મિત્ર સાથે પરત આવતો હોય અયાન ઉર્ફે પાંચીયાએ તેના અન્ય બે મિત્રો રમીન ખાન ઉર્ફે ભાવનગરી અને સાહીલ દલ રહે.બધા જૂનાગઢ તેમજ તપાસમાં અન્ય ખુલે તે શખ્સોએ ભેગા મળી ફરિયાદી રમજાન ઘાંચીના ગળા પર છરી રાખી ઈજા કરી મારી નાખવાની ધમકી આપી રૂપિયા ભરેલ થેલાની લૂંટ ચલાવી નાશી ગયા હતા. આ અંગેની જાણ થતાં જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાની સૂચનાથી ડીવાયએસપી હિતેશ ધાંધલ્યાનાં માર્ગદર્શનમાં એ ડિવિઝનના પીઆઈ બી. બી. કોળી, એલસીબીના પીઆઈ જે. જે. પટેલ, એસઓજી, તાલુકા પોલીસ સહિતની ટીમોએ તપાસ હાથ ધરી હતી. રાત્રે ૯: ૧૫ વાગ્યે રમઝાન હારૂનની ફરિયાદ લઈ રૂપિયા ૨૬.૮૦ લાખની રોકડ રકમની લૂંટનો ગુનો અયાન ઉર્ફે પાંચિયો, રમીનખાન ઉર્ફે ભાવનગરી અને સાહિલ દલ વિરૂધ્ધ બીએનએસ કલમ ૧૧, ૧૧૧(૩), ૫૪, જીપીએકટ કલમ-૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ૪૦ ટકા માર્જીન છોડવાની જગ્યામાં બસ પાર્કિંગ બનાવી દેવાના પગલે

# જૂનાગઢની જાણીતી શૈક્ષણીક સંસ્થા સોરઠ પબ્લીક સ્કુલને રૂા.૨૨.૭૮ કરોડ ભરવા મનપાએ નોટિસ ફટકારી

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ મહાનગર પાલિકાના કમિશ્નર ડો.ઓમપ્રકાશની સુચના અને માર્ગદર્શન હેઠળ શહેરમાં વિવિધ વિસ્તારોમાં દબાણ મુદ્દે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. દરમ્યાન જૂનાગઢની જાણીતી શૈક્ષણીક સંસ્થા સોરઠ પબ્લીક સ્કુલને પણ દબાણ અંગેની નોટિસ ફટકારવામાં આવી છે. મનપાની માલિકીની જગ્યામાં દબાણ કર્યાનું બહાર આવેલ છે અને ૪૦ ટકા માર્જીન છોડવાની જગ્યામાં બસ પાર્કિંગ બનાવી દીધું હોય, જેને કારણે સોરઠ પબ્લીક સ્કુલને મનપાએ રૂા.૨૨.૭૮ કરોડની નોટીસ ફટકારવામાં આવતા ચકચાર જાગી ઉઠી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર, જૂનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં ઝાંઝરડા ગામમાં સર્વે નંબર ૮૭ પૈકીની જમીનનું બિનખેતી થયેલ હતુ. જેથી આ જમીન મનપાને ટીપી રીઝર્વેશન પ્લોટ તથા જાહેર રસ્તો સર્વે નંબર ૮૭ પૈકીમાં મળેલ છે. દરમ્યાન સ્થળ પર ચકાસણી કરતાં જાણવા મળ્યું કે, મનપાની પૂર્વ મંજુરી વગર સુચિત ટીપી રિઝર્વેશન પ્લોટમાં સોરઠ પબ્લીક સ્કુલ દ્વારા બાંધકામ કરી દબાણ કરવામાં આવેલ છે. આ દબાણ અન્વયે મનપાના બજેટમાં કરેલ જોગવાઈ આધીન ભાડું વસુલવા નક્કી કરાયું હતું. આમાં પ્રતિદિનના રૂા.૩,૪૦,૨૩૬ લેખે ૧ એપ્રિલ ૨૦૨૩ થી ૨૦ ઓકટોબર ૨૦૨૪ સુધીના કુલ રૂા.૧૯,૩૦,૮૩,૯૩૦ થતા હતા. જ્યારે સરકારના જીએસટીના રૂા.૩,૪૭,૫૫,૧૦૮ થતા હતા. આમ કુલ મળી ૨૨,૭૮,૩૯,૦૩૮ ભરપાઈ કરવા નોટિસ ઈશ્યુ કરાઈ છે. જો આ રકમ મુદત પૂર્ણ થયા સુધીમાં ભરપાઈ નહિ કરે તો ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ તળે નિયમાનુસારની આગળની કાર્યવાહી હાથ ધરી મનપા દ્વારા આ ગેરકાયદેસર દબાણ દુર કરાશે. એટલું જ નહિં તેનો તમામ ખર્ચ સોરઠ પબ્લિક સ્કુલ પાસેથી વસુલવામાં આવશે. આ નોટિસ કમિશ્નર ડો.ઓમપ્રકાશના આદેશ અન્વયે ડીએમસી એ.એસ. ઝાપડાની સુચનાથી આસિસ્ટન્ટ કમિશ્નર (ટેકસ) કે.જી. ટોલીયા દ્વારા ફટકારવામાં આવેલ છે.


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત

(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)


**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ

સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...


# કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહના ૬૦મા જન્મદિવસની ખેતીબેંક દ્વારા ઉજવણી

## ૧૭ જીલ્લામાં ૬૦-૬૦ વૃક્ષારોપણના કાર્યક્રમ યોજાયા





જૂનાગઢ તા.૨૨

ગુજરાતના પનોતા પુત્ર અને કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી શ્રી અમીતભાઈ શાહના ૬૦માં જન્મદિવસની આજે અનેકવિધ કાર્યક્રમો સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. ખેતી બેંક દ્વારા ૧૭ જીલ્લામાં વિશીષ્ટ ઉજવણી કરવામાં આવી રહી છે. અને ૬૦-૬૦ વૃક્ષોના રોપણનો કાર્યક્રમ યોજવામાં આવી રહેલ છે.

ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ બેન્ક લી. ના ચેરમેન ડોલરભાઈ કોટેચાના માર્ગદર્શન હેઠળ ૧૭ જીલ્લામાં વૃક્ષારોપણના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમીતભાઈ શાહના જન્મદિવસની વિશીષ્ટ ઉજવણી કરવામાં આવી રહી છે. ખાસ કરીને પર્યાવરણના જતન સાથે સેવાકીય પ્રવૃતિઓનું પણ આયોજન કરવામાં આવેલ છે. શ્રી ડોલરભાઈ કોટેચાએ વધુમાં જણાવ્યું હતું કે, કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીતભાઈ શાહને જન્મદિવસની ખુબ ખુબ શુભેચ્છાઓ પણ પાઠવવામાં આવી છે અને અનોખી રીતે ઉજવણી કરવામાં આવી રહી છે. ખાસ કરીને વિવિધ જીલ્લાઓ જેમાં જૂનાગઢ, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા, અમદાવાદ, ખેડા, પંચમહાલ, ભરૂચ, સુરત, વલસાડ, વડોદરા, ભાવનગર, અમરેલી, રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર, કચ્છ સહિત રાજયના ૧૭ જીલ્લામાં ૬૦-૬૦ વૃક્ષોનું રોપણ કરવામાં આવી રહેલ છે. સાથે દરેક જીલ્લાની સેવાભાવી સંસ્થાઓમાં વૃધ્ધો, અંધજનો, નિરાધારો, દિવ્યાંગો, જરૂરીયાતમંદોને ભોજન પણ કરાવવામાં આવી રહેલ છે. આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં એક પેડ માં કે નામ કાર્યક્રમને સાકાર કરવા બેન્કની જીલ્લા કક્ષાએ આવેલ કચેરીઓમાં અથવા આવેલ જીલ્લા ઓફિસની નજીકમાં આવેલ મંદિર, શાળામાં જઈ બેન્કના અધિકારી, કર્મચારીઓ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમીત શાહના ૬૦મા જન્મદિવસની ખેતી બેંક દ્વારા અનોખી ઉજવણી કરી અને શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.


Since 1983

શંખ બ્રાન્ડ મસાલા

ગાયત્રી મસાલા

મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો







